Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

सर्वान् पश्यन्तु बन्धूनिव जगति जना भेदबुद्धिं विहाय
स्थाने पात्रे च कर्तुं वितरणमसकृद्यास्तु बुद्धिर्धनस्य ॥
दीने नम्रा भवन्तु प्रखरधनवतामग्रगण्या हि शश्वद् ।
'आत्मानन्द प्रकाशं' विदधतु हृदये श्रीजिनः श्रावकानाम् ॥

पु० २३ मुं | वीर सं. २४५२. मार्गशिर्ष आत्म सं. ३० | अंक ५ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ વીર વિનતિ ... ... | ૧૦૩ | ૭ વર્તમાન સમાચાર. ... ... | ૧૨૨ |
| ૨ પરમેષ્ઠિ ગુણ સંક્ષિપ્ત વિવરણ. | ૧૦૪ | ૮ ગ્રંથાવલોકન. ... ... ... | ૧૨૩ |
| ૩ વિશ્વરચના પ્રબંધ. ... | ૧૦૫ | ૯ પ્રકીર્ણ. ... ... ... ... | ૧૨૫ |
| ૪ સમ્યક્ત્વના શત્રુઓ. ... | ૧૧૨ | ૧૦ ઉપાધ્યાય શ્રી સોહનવિજયજી મહારાજને સ્નેહાંજલિ. ... ... | ૧૨૬ |
| ૫ વિચારસૃષ્ટિ અને ભાવના. | ૧૧૬ | | |
| ૬ ગાર્હસ્થ્ય જીવન. ... | ૧૧૮ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન બંધુઓને અમૂલ્ય તક.

શ્રી દેવગાણા–( તાબે ભાવનગર ) મધ્યે રૂા. દશહજાર ખરચીને શેઠ ગિરધરભાઈ આણંદજીની દેખરેખ નીચે નવીન ચૈત્ય તૈયાર થયેલ છે. તેનું પ્રતિષ્ઠાનું મુહૂર્ત ફાગળ શુદ ૩ નું છે. તેનો આદેશ જે બંધુઓને લેવા ઇચ્છા હોય તેણે ભાવનગર શેઠ ગિરધરભાઈ આણંદજી ઉપર લખી મોકલવું. મૂળ નાયક શ્રી વિમલનાથ પ્રભુ સંપ્રતિ રાજાનાં વખતના પ્રાચીન છે.

લી૦

**શ્રી દેવગાણા સંઘ સમસ્ત.**

---

## નવા દાખલ થએલા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ શેઠ છોટાલાલ પ્રેમજીભાઈ માંગરોળવાળા | મુંબઇ | બી. વર્ગમાંથી પહેલા વર્ગ લા. મેમ્બર. |
| ૨ શ્રી જૈન આગમ બ્રહત્ ભાંડાગાર | રતલામ | પે. વ. લા. મેમ્બર. |
| ૩ શેઠ હર્ષદરાય નરોતમદાસ ભાણજી | | ,, ,, ,, ,, |
| ૪ દોશી રાયચંદ કરમચંદ બારામતી | | બી. વ. લાઇફ મેમ્બર. |
| ૫ મેતા કપુરચંદ હેમચંદ જેલપુર | | ,, |
| ૬ શેઠ ભાણજી ગુલાબચંદ ગોંડલ | | પે. વર્ગના વાર્ષિક મેમ્બર. |

---

જલદી મંગાવો ! નહીં તો તક ખોશો ! જલદી મંગાવો !

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (ભાષાંતર).

## ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

( અનુવાદક:—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી. )

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભકિતનું વિસ્તારપૂર્વક વર્ણન શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ અને શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનુ વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે, આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા–સ્વભાવનું વિવેચન, અદ્દભુત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચાર વિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

का अरई ? के आणंदे ? इत्थं पि अग्गहे चरे, सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए । पुरिसा ! तुममेव तुमं मित्तं किं बहियामित्तमिच्छसि ? । जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं । पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमुच्चसि । पुरिसा ! सच्चमेव समभिजाणाहि, सच्चस्साणाए उवट्ठिए से मेहावी मारं तरइ । सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥

आचाराङ्गसूत्रम् ।

पुस्तक २३ मुं. { वीर संवत् २४६२ मार्गशिर्ष आत्मसंवत् ३०. } अंक ५ मो.

## वीर–विनति.

( આ ગયાહૈ કર્મયુગ કુછ–કર્મ કરના શીખલો—એ રાગ, )

હે પ્રભો ! કયારી અમીની, આંખ ભીની રાખજો, ટેક
બાળપણુમાં મેરૂ ગિરિપર, ઇન્દ્ર શંસય સંહરી,
શંકા શિક્ષકની વિડારી, એહુ બળ અમ અર્પજો, ॥ ૧ ॥
સર્વ જીવને તારવાને, ત્યાગની કમ્મર કસી,
નાથ તો તારી ઉગારી, દાસ દીનતા કાપજો. ॥ ૨ ॥
બાકુલા થહી સુપડામાં, દેતી ચંદન બાલકી,
રાજ તારી હેતથી તો, મુજ શીર કર સ્થાપજો. ॥ ૩ ॥
ઇન્દ્રને ઉપદેશ ભજે, આત્મશક્તિ છે ખરી,
ચંડ કૌશીકને ઉગાર્યો, વિશ્વ વ્હારે આવજો. ॥ ૪ ॥
સંગમકસમ પાપી સામે, શી દશા હા....એહુનો,
એમ ભીની આંખ કરતાં, એહ દ્રષ્ટી રાખજો. ॥ ૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન કૈવળ ધામ સિદ્ધિ, આધી પ્રભુતા પાથરી,
દાસ દર્શન પાઠ આપી, છાંટ અમીની છાંટજો. ॥ ૬ ॥

# परमेष्टि गुण संक्षिप्त विवरण

## " અરિહંત ગુણ વર્ણન "

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ દેશી )

અહો ભવિ! સુંદર ગુણ શ્રી અરિહંતના,
જે ગાતાં ગાનાર બને ગુણવાનજો;
ઉત્તમ બાર ગુણોએ શોભિત એ પ્રભુ,
જન મન રંજન ભય ભંજન ભગવાનજો.........અહો૦ ૧
દેવો વૃક્ષ [1]અશોક રચે સોહામણું,
ઉંચુ બાર ગણું જીનવરથી એહજો;
કરતા સુર વૃષ્ટિ પંચવર્ણા પુષ્પની,
જાનુ સુધી સમવસરણમાં જેહ જો.........અહો૦ ૨
દિવ્ય[3]ધ્વનિ તે વિણાદિક વાજીંત્રથી,
પુરતા સ્વર દેવો પ્રભુ વાણી માંયજો;
ચામર[4] જોડી ચાર શ્વેત રત્ને જડયાં,
પ્રભુ આગળ તે દેવોથી વીંઝાયજો.........અહો૦ ૩
રત્ન જડીત [5]સિંહાસન સોનાનું રચે,
તે પર બેસી ધર્મ સુણાવે તાતજો;
શરદ ઋતુના સૂર્ય કિરણ સમ શોભતું,
[6]ભામંડલ મસ્તક પુંઠે જગનાથ જો.........અહો૦ ૪
આકાશે દેવો વાજીંત્ર વગાડતા,
દુંદુભિ[7] કહીયે તે દુઃખ હરનાર જો;
શરદઋતુના ચંદ્ર સમાં દેવો રચે,
છત્ર[8] મનોહર પ્રભુ મસ્તક પર બાર જો.........અહો૦ ૫
અપાયા[9] પગમાતિશયના ગુણથી,
સ્વપરના ઉપદ્રવ દૂર પલાય જો,
જ્ઞાનાતિશય[10] ગુણથી સર્વ પદાર્થનું,
ત્રણ કાળનું શુદ્ધસ્વરૂપ જણાય જો.........અહો૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજે પ્રભુ સુરનર નરપતિ પશુ પંખીઓ,
સુંદર ગુણુ [૧૧]પૂજાતિશય કહેવાય જો;
[૧૨]વચનાતિશયથી સુર નર તિર્યંચને,
પ્રભુ વાણી નિજ ભાષામાં સમજાય જો........અહો૦ ૭
એમ ગુણો બારે જીનવરના જાણીયે,
અન્ય દેવમાં જેહ નહીં નરનાર જો;
વંદો ગાવો પૂજો ધ્યાવો પ્રેમથી,
પામીજે જેથી સુખ સંપત્તિ સાર જો.....અહો૦ ૮

(અપૂર્ણ)

# વિશ્વરચના પ્રબંધ

## ( નિવેદન ૧૧ મું. )

( ગતાંક પૃષ્ટ ૮૭ થી શરૂ. )

૨૭. મિમાંસાચાર્ય જૈમિનીય સૃષ્ટિ તથા વેદોને અનાદિ અનંત કહે છે. કોઈ પણ કાળે જગતમાં "સર્વજ્ઞ પુરૂષ હોય" તે માન્યતા આ મતને સંમત નથી.

૨૮. ઈ૦ સ૦ ના સાતમા આઠમા સૈકામાં થયેલ શંકરાચાર્યજી કેવલાદ્વૈત વાદને સ્વીકારે છે. તે જણાવે છે કે—આત્મા એક છે. જગત્‌ની ઉત્પતિનું કારણ બ્રહ્મ છે. અચિંત્ય શકિતશાલી પરમેશ્વર અને માયાથી ઐંદ્રજાલિકની પેઠે જગતની રચના થાય છે. મનુષ્યના દુષ્કૃત્યોના ફળો મળે છે. અને છેવટે જગતનો પ્રલય છે, તેમનું સૃષ્ટિ રચનાનું લક્ષણ વેદાન્ત ગ્રંથોમાં આ પ્રમાણે છે.

સંસારમાં પશુ, પક્ષી. વિગેરે પદાર્થો વ્યકત થાય છે તેઓ પૂર્વ પ્રલયમાં જગતની પૂર્વાવસ્થામાં અવ્યકત, અવ્યાકૃતભાવથી અવસ્થિત બ્રહ્મમાં લીન હતા. આ અવ્યકત અવસ્થાજ નિર્વિશેષ બ્રહ્મસત્તાનું રૂપાંતર માત્રજ જગતરૂપ કાર્યનું ઉપાદાન કારણ છે. કાર્યના અસ્તિત્વમાંજ કારણનું અસ્તિત્વ સમાયેલું છે. આ કારણનું નામ કાર્યની બીજ શકિત અથવા દૈવી શકિત છે. જુઓ બ્રહ્મસૂત્ર ૧-૪-૩ નું ભાષ્ય.

परमेश्वराधीना त्वियमस्माभिः प्रागवस्थाजगतोभ्युपगम्यते, न स्वतंत्रा ॥
सचावश्याभ्युपगंतव्या । अर्थवतीहिसा ॥
नहितयाविना परमेश्वरस्य सृष्टित्वं सिध्यति ॥
शक्ति रहितस्य तस्यप्रवृत्युपपतेः ॥ मुक्तानांच पुनरुत्पतिः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कुतः ? विद्यया तस्याः बीजशक्ते र्दाहात् ॥
अविद्यात्मिकाबीज शक्तिः, अव्यक्त शब्द निर्देश्या,
परमेश्वराश्रया, मायामयी, महासुप्तिः॥
यस्यां स्वरूपप्रतिबोध रहिताः शेरते संसारिणो जीवाः ॥

આ બીજ શકિતનું નામ માયાશકિત છે. જેથી આ માયાશકિતને મનનો અજ્ઞાનાત્મક સંસ્કાર માનનારાઓ શંકરાચાર્યજીને “ પ્રચ્છન્ન બૌધ ” કહીને બોલાવે છે. આ શકિતનું લક્ષણ એવું છે કે—

कारणात्मनालीनंकार्यमेव, अभिव्यक्तिनियामक तयाशक्तिः ॥ रत्नप्रभा ॥

અર્થ—કારણમાં છુપાયેલું કાર્યજ અભિવ્યકિત નિયામકતા વડે શકિત રૂપ છે.

જગત આ શકિતથી વ્યકત થાય છે અને આ શકિતરૂપથીજ વિલિન થાય છે, જેમ મોટો વડ શકિત રૂપથી બીજમાં રહે છે તેમ કાર્ય પણ પ્રલય થાય ત્યારે શકિતરૂપથી પોતાના ઉપાદાનમાં રહેછે. બીજ શકિત એ બ્રહ્મ સત્તાનીજ અભિન્ન અવસ્થા હોવાથી બ્રહ્મ સત્તામાંજ બીજ શકિતની સત્તા છે. તો બીજ શકિતના યોગથી બ્રહ્મજ જગતનું કારણ છે. એટલે શકિત રહિત શુદ્ધ ( બીજ યુકત ) ચીન્માત્ર ચેતન બ્રહ્મ જડ જગતનું ઉપાદાન–કારણ છે.

૨૯ ગૌડપાદ કારિકાભાષ્યમાં લખ્યું છે કે જેમ પ્રાણશક્તિ જીવનનીસુષુપ્તિ અવસ્થામાં અવ્યક્તપણે અવસ્થિત રહે છે, તેમ પ્રલયકાલે બ્રહ્મમાં પણ રહે છે. આ જગતનું બીજ છે, જેથી શ્રુતિઓ બ્રહ્મને આ બીજદ્વારા કારણ બ્રહ્મ તરીકે ઓળખાવે છે. આથી યાદ રાખવું કે–પ્રલયાવસ્થામાં બીજ ન હોય તો જીવ કોઇ કારણે ઉત્પન્ન થઇ શકે નહીં માટે બીજ હોવાથી જ જીવનો પ્રાદુર્ભાવ થાય છે તો ગમે તે નામ વડે કરીને અવ્યાકૃત અવસ્થાવાળું સ્થિરરાખી કેવળાદ્વૈત સિદ્ધાંત સ્થપાયો છે.

૩૦. મણીશંકર હરગોવિંદ ભટ્ટ ( પ્રસ્તાવના, સર્વદર્શન સંગ્રહ–વડોદરા ) લખે છે કે– શાંકરભાષ્ય અ૦ ૧ પાદ, ૪ અધિકરણ ૭ માં, ઇક્ષાપૂર્વક ( ઇશ્વરના કેવલનિમિત્ત કારણત્વનો ) કતૃત્વનો નિષેધ કર્યો છે. તે જોતાં ઇશ્વરને કેવળ ઉપાદાન કારણથી વ્યતિરિક્ત માની તેને કર્તા અથવા રચયિતા માનતાં જે જે અડચણો અને વિરોધો આવે છે તે સમજાશે. જો ઇશ્વરને વિશ્વપ્રપંચનું ઉપાદાન અને નિમિત્ત એ બન્ને પ્રકારનું કારણ લઇએ તો તેમ લઇ શકવું શકય છે ++વિશ્વપ્રપંચ કંઇજ નથી, અર્થાત્ તે અસત્ છે એમ કહી શકાતું નથી. ++ જયારે વિશ્વપ્રપંચનું અસ્તિત્વ “ હું ” થી નિરપેક્ષ જ્ઞાત છે ત્યારે તે સત્ પણ છે. પણ જો આપણે તેને કેવળ સત્ કહીએ તો તેમાં જ આપણી નિત્ય સચ્ચિદાનંદની પ્રાપ્તિને માટે પ્રયત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતી વૃત્તિને પરમ સંતોષ થવો જોઈએ. પણ તે પ્રમાણે થતુ નથી, આમ હોવાથી આપણે તેને **અસત્** પણ કહેવું પડે છે. આ પ્રમાણે આ વિશ્વ **સદ્અસદ્** ઉભયાત્મક છે.

૩૧. વિજ્ઞાનભિક્ષુ બતાવે છે કે– જડચૈતન્યમાં પરમ **અભેદ નથી તેમ ભેદ** પણ નથી એટલે પ્રકૃતિબ્રહ્મ હંમેશાં ખીરનીરની પેઠે અવિભકત છે. આ સાંખ્ય અને કેવલાદ્વૈતના સંસ્કારવાળો અવિભાગાદ્વૈત સિદ્ધાંત કહેવાય છે ( ભ૦ )

૩૨. ઈ૦સ૦ હજારમાં થયેલ રામાનુજાર્યનો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત છે અને જગતરચના માટેની વ્યવસ્થા આ સિદ્ધાંતથી જ કરે છે.

૩૩. ઈ૦ સ૦ બારમી સદીમાં થયેલ મધ્વાચાર્ય કહે છે કે સ્વતંત્રતત્વમાં ભગવાનનો અને અસ્વતંત્ર તત્વમાં જીવાદિસમસ્ત પદાર્થોનો સમાવેશ થાય છે આ પ્રમાણે જગતની વ્યવસ્થામાં સ્વતંત્ર અને અસ્વતંત્ર બે તત્વો છે આ સંપ્રદાયનું નામ પૂર્ણ પ્રજ્ઞસંપ્રદાય કે બ્રહ્મસંપ્રદાય છે, જેમાં દ્વૈતસિદ્ધાંતની પ્રતિપાદના થયેલ છે.

૩૪. નીમ્બાર્ક અને ભાસ્કરે તો દ્વૈત અને અદ્વૈત એ બન્ને વ્યવસ્થાને માન્ય રાખી જગતના દરેક પદાર્થોની ઉત્પત્તિ અને સ્થિતિ માટે દ્વૈતાદ્વૈત સિદ્ધાંત સ્થાપેલ છે.

૩૫. વલ્લભાચાર્ય લખે છે કે—સદ્બ્રહ્મમાં અસદ્માયા છે એમ માનવાથી બ્રહ્મમાં અશુદ્ધતાનો આરોપ આવે છે, માટે માયાની મલિનતાથી રહિત સ્વતંત્ર બ્રહ્મજ સ્વેચ્છાથી સૃષ્ટિને આર્વિભાવ તિરોભાવ પમાડી રચેછે. વલ્લભાચાર્યે ઈ. સ. ૧૬ ના સૈકામાં દ્વૈત ભેદની વાસ્તવિકતા સ્વીકારવા છતાં, સર્વમાં ચિન્મય પણે અભેદતા માની શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સ્થાપેલ છે. ( શ્રી ભકત–પાન–૧૪૨ )

૩૬. ગેલાધ્યાયમાં કહ્યું છે કે—

यस्मात् क्षुब्ध प्रकृति पुरुषाभ्यां महानस्यगर्भे–
हंकारोभूत् खकशिखिजलोर्व्यस्ततः संहतेश्च ॥
ब्रंह्माडं यज्जठरग महीपृष्ट निष्ठो विरंचिः ।
विश्वं शश्वत् सृजति परमं ब्रह्म तत्तत्व माद्यम्. ॥ १ ॥

**અર્થ**—પ્રકૃતિ પુરૂષમાંથી મહાન, મહાનના ગર્ભમાં અહંકાર, અને તેમાંથી આકાશ, વાયુ, અગ્નિ, પાણી, અને પૃથ્વી અને તેથી દરેક વિકારતત્વની પરંપરા પ્રકટે છે આ રીતે બ્રહ્માંડના જઠરમાં રહેલ પૃથ્વીના પીઠ ઉપર બેઠેલ વીરંચિ–બ્રહ્મા આખા વિશ્વને બનાવે છે આ પરમ બ્રહ્મજ આદ્યતત્વ છે.

૩૭. શંકરાચાર્ય જગતને વિવર્તરૂપે માને છે વલ્લભાચાર્ય સત્યરૂપે અને પરિણામરૂપે માને છે જ્યારે દયાનંદ સરસ્વતી જગતને જડરૂપે માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૮. વિશ્વામિત્રઋષિએ ત્રિશંકુને ઇંદ્ર બનાવવા માટે ઈશ્વરની તથા ત્રણે જગતની અવગણના કરી આ દ્રષ્યમાન જગતથી તદ્દન નવુંજ જગત બનાવવા પ્રયત્ન કર્યો હતો. બ્રહ્માના જગતના ખચ્ચર એ વિશ્વામિત્રના જગતના ઘોડા મનાયછે. આ રીતે જગતને યોગ્ય વસ્તુઓ તૈયાર થતાં ;ઈશ્વરે ભય પામી, વિશ્વામિત્ર પાસે આવી, તેમના મનનું સમાધાન કર્યું અને તેમણે બનોવેલ મનુષ્યના મુખને ઇશ્વરે પોતાના જગતમાં સૌ કોઈથી ઉંચા રાખ્યા જેને આપણે શ્રીફળ કહીએ છીએ.

૩૯. પૌરાણિક–મુક્તશાસ્ત્ર પાને–૧૦૩ માં લખ્યું છે કે–પ્રથમ આ પૃથ્વીમાં જે કાંઈ હતું, તે ન કહેવાય, નવર્ણવી શકાય, એવું અદૃષ્ય, આનંદમય, નિષ્કલ, અને અચળ તત્વ હતું.

૪૦. કાળવાદીઓ કહે છે કે—कालःसृजति भूतानि એટલે કાળ પૃથ્વી વિગેરે પાંચ ભૂતોને બનાવે છે, પ્રજાને સ્થાપે છે, દરેકનું રક્ષણ કરે છે ઋતુવિભાગ વડે વનસ્પતિના નિયમો ઠંડી, ગરમી, વૃષ્ટિ, ગર્ભ, સ્થિતિ, વિવિધ અવસ્થાઓ વિગેરે કૃતક–કાર્યોમાં કાલનીજ મહત્તા દેખાય છે. ( नंदी टिका )

૪૧. સ્વભાવવાદીઓ કહે છે કે—દરેક કાર્યનું કારણ પોતપોતાનો સ્વભાવ છે, દરેક ભાવો સ્વભાવથીજ ઉત્પન્ન થાય છે; જેમકે માટીમાં ઘડો થવાનો સ્વભાવ છે તેથી તેમાંથી ઘડો થાય છે પણ વસ્ત્ર બનતું નથી. આવીજ રીતે તાંતણામાંથી–દોરામાંથી કપડું થાય છે. પાકવાના સ્વભાવવાળા મગ રાંધવાથી પાકે છે. પણ કોરડુ મગ દરેક પ્રકારની રાંધવાની સામગ્રી હોવા છતાં માત્ર પાકવાનો સ્વભાવ ન હોવાથી બધી મહેનત નકામી કરે છે. શેરડીમાં મીઠાશ છે, પાનમાં રંગ છે. કુલમાં સુગંધ છે અને ચંદનમાં શીતલા છે તે પણ તેના સ્વભાવથી થયેલ શક્તિઓ છે.

૪૨. કર્મવાદીઓ કહે છે કે—જગતનો કોઇ કર્તા નથી. કેમકે પોતપોતાના કર્મો પ્રમાણે જીવો સુખી કે દુઃખી થાય છે. વૈદ્યક ગ્રંથો તો રોગોત્પત્તિમાં જીવોના પ્રાકૃતકમ પાકનેજ મુખ્ય માને છે.

૪૩. દુર્વાસા ઋષિનો પુત્ર અશિરા કહે છે કે—ઇશ્વર પોતે પણ કર્મને આધિન છે.

૪૪. ભૃગુ ઋષિ કહે છે કે—ઈશ્વરે અચલકર્મથી તેઓની કરણી પ્રમાણે તેઓને ઉત્પન્ન કર્યા.

૪૫. ભર્તૃહરિ શતકમાં પણ કર્મની પ્રાધાન્યતા દેખાડતાં કહ્યું છે કે—

ब्रह्मा येन कुलालवत् नियमितो ब्रंह्मांड भांडोदरे ।
विष्णुर्येन दशावतारगहने क्षिप्तो महासंकटे ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रुद्रोयेनकपाल पाणि पुटके भिक्षाटनं कारितः ।
सूर्योभ्राम्यति नित्यमेव गगने तस्मै नमः कर्मणे ॥ १ ॥
नमस्यामो देवान्ननु हतविधे स्तेपि वशगाः
विधिवंद्यः सोपि प्रतिनियत कर्मैक फलदः ॥
फलं कर्मायत्तं किममरगणैः किंच विधिना
नमस्तत्कर्मेभ्यो विधिरपि न येभ्यः प्रभवति ॥ २ ॥

**અર્થ**—જેણે બ્રહ્માને બ્રંહ્માંડના મધ્યમાં કુંભારના ચાકડાની પેઠે ભમાવ્યો. જેણે વિષ્ણુને દશ અવતારના ભીષણ સંકટમાં નાખ્યા, જેણે રુદ્રને હાથમાં કપાળ આપીને ભિક્ષા માટે રખડાવ્યો તે કર્મને નમસ્કાર હો. વળી જો દેવોને નમસ્કાર કરીએ પણ તેઓ વિધિના તાબામાં છે; હવે વિધિને વંદન કરીયે જ્યારે તે પણ માત્ર કર્મ ફળને દેનાર છે એટલે ફળ પાસે જઇએ તો તે કર્મને આધીન છે. જેથી દેવતાઓને કે વિધિને નમસ્કાર કરવાથી શું વળવાનું છે ? માટે વિધિ પણ જેને વશ કરી શકતો નથી તે કર્મોનેજ નમસ્કાર હો.

૪૬. નીયતિ વાદીઓ કહે છે-જ્યારે જ્યારે જે જેનાથી થવાનું હોય ત્યારે ત્યારે તે તેનાથી થયા જ કરે છે. આવી જેના વડે દરેક ભાવો નિયતપણે થયા કરે છે, તેવું કોઇ નીયતિ નામનું અલગતત્વ છે. કેમકે નિયામક ન માનિએ ત્યારેકાર્ય કારણ ભાવની નિયમિત વ્યવસ્થા કરવા માટે આવું તત્વ માનવાની આવશ્યક્તા છે.

( नं )

૪૭. બુદ્ધો જગતને અનાદિ માને છે કારણ કે વૈદિકમાં કહેલ રૂચાઓથી તે સાદિ છે કે અનાદિ છે એ કાંઇ સિદ્ધ થતું નથી વળી મન્વંતર આદિના અધિકારો પણ ગણુનામાં ગુચવણીવાળા છે. વળી વેદ અનાદિ માનીએ તો પછી જગતને અનાદિ માનવામાં શું કરકત આવે છે ? કારણ કે ઉપર કહી ગયા તેમાં કોઇ કોઇ વસ્તુને અનાદિ તો માનવી જ પડે છે. હવે સર્વને વિનશ્વર માની અમુકને અનાદિ માનવાથી ઘણા પ્રશ્નોને સ્થાન નથી મળતું કે ? માની લઇયે કે પોતાને દેખી પોતાના પિતાનું અસ્તિત્વ સંભવે છે તેમ જગત કર્તા અને આપણને મર્યાદામાં રાખનાર કોઇ મહાન્યાયી વ્યક્તિ હોવી જોઇએ ને તેથીજ ઇશ્વરની કર્તા અને રક્ષક તરીકે જરૂર છે. પણ સામો પડઘો ઉઠે છે કે—જેમ પોતાને દેખી પિતાનું, પિતાને દેખી દાદાનું, એમ વંશપરંપરામાં વડવાનું, અસ્તિત્વ પણ સૂચવે છે તેમજ જગતને દેખી તેના કર્તા ઇશ્વરનું ને ઇશ્વરને દેખી તેના કર્તા બાપનું અને બાપથી દાદાનું અસ્તિત્વપણું ઘટેજ. પણ તેમ મનાતું નથી. માટે તે વિષે મૌન જ મજાનું છે. ઇશ્વર સાકાર છે કે નિરાકાર છે ? આધાર છે કે આધેય છે ? ઇત્યાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાય ગ્રંથોક્ત કથન પ્રમાણે કદાચ ઉત્તર મળે છે પણ તે ઉત્તર કરવાનું કારણ ? પ્રશ્ન માત્ર જ હોય છે.

વળી રક્ષક તરીકે તેને માનીયે તો જીવોને સુખી, દુઃખી, કંગાલ, રોગી, બનાવવાનું કારણ શું ? ( दुःख दौर्भि० ) જીવોને જન્મથી હર્ષ અને મૃત્યુથી ખેદ આપવાનું શું કારણ છે ? એક સામાન્ય હૃદયના પિતાને પણ ધોળા કે કાળા છોકરામાં તફાવત હોતો નથી તો શું કર્તાને જીવો પર દ્વેષ સંભવી શકે ? બુદ્ધાવતાર વિષ્ણુનો અવતાર મનાય છે અને કહેવાય છે કે–વિષ્ણુને બુદ્ધધર્મ ચલાવવાની ઇચ્છા ન હતી; છતાં બૌદ્ધધર્મ થયો. તો આ પ્રમાણે પ્રભુ પર અજ્ઞાનતા કે અસર્વજ્ઞતાનો દોષ આવે અને તેને જગતકર્તા માનીયે તો શું પ્રભુના નામની કીંમત નથી ઘટાડતા ? વળી વેદની દરેક ભૂલો દેખાડનાર બીજા ધર્મો પણ જગન્નીયંતા કોઈ હોય તો શા માટે ઉપજે ? પ્રથમ દુષ્ટને જન્મ આપવો પછી તેનો નાશ કરવા પ્રભુને આવવું પડે એ પણ કર્તાની સત્તા કેટલી અંકાવે છે ? વળી કોઈને સ્વર્ગ આપવું ને દ્વેષ–ક્રોધ માનાદિ જગતમાં બનાવીને તે દ્વારા બીજાને નરકમાં પહોંચાડવા આનું કારણ શું ? કદી જીવોના કર્મના દોષ ઠરાવીએ તો પછી જગતનિયંતાનું બીરૂદ કર્મને આપી શકાય. બીજી કોઈ વ્યક્તિનો તેમાં હક્ક નથી. વળી કર્મથી સુખ દુઃખ આદિ થાય છે. સ્વર્ગ નરકાદિની પ્રાપ્તિ થાય છે તો પછી જગતકર્તાનું શું કામ છે ? આ પ્રમાણે પ્રશ્ન પરંપરાનો સર્વમાન્ય ઉત્તર મળવો મુશ્કેલ છે, માટે વીતરાગ કે ઈશ્વર ( ઉત્તમ જીવ ) ઉપર જગતકર્તાની આળપંપાળનો આરોપ મૂકવો એ ઠીક નહિ કહેવાય. વળી એજ વાત માટે જુદા જુદા આરોપો બહાર પડે છે. તો સત્ય શું માનવું તે બુદ્ધિમાનોએ વિચારવા જેવું છે. એટલે બૌદ્ધદર્શનમાં કોઇ જગત્કર્તાનો સ્વિકાર કર્યો નથી.

૪૮. બુદ્ધ દર્શનના ધર્મ સંપ્રદાયના શુન્ય પુરાણના આધારે માન્યતા છે કે પ્રથમ કાંઈ ન હતું, બધું શુન્ય હતું. નીરંજન પુરૂષ નીરમાં હતો. ધર્મ નીરંજન દેવે બ્રહ્માસને બેસી યોગમાં ૧૪ યુગ કાઢયા. ત્યાર પછી "હાઇ" બોલતાં એકદમ ઉલુક (ઘુડ) થયું.–આ ઉલુક મુનિએ ૧૪ યુગ ભૂખ્યા રહી અંતે ખેદિત બની પ્રભુ પાસે ખાદ્યની માગણી કરી. પ્રભુનું ભાતું માત્ર પોતાનું થુંક હતું. પ્રભુએ તે થુંક ઉલુક મુનિને આપ્યું. પણ તેના એકાદ બે છાંટા ઉલુકના મુખની બહાર પડયા, જે સાગર સમુદ્ર રૂપે બની ગયા. આ સાગરના પાણીમાં બન્ને ( નીરંજન દેવ અને ઉલુક મુનિ ) ભાસવા લાગ્યા. વળી ઉલુક મુનિ અતિ કલાંત બની ગયા, એટલે તેની એક પાંખ તોડી પાણીમાં ફેંકી, એટલે ઉલુક સૃષ્ટિ બની. પછી હંસ સૃષ્ટી બની. હંસે ૧૪ યુગ સુધી પ્રભુનું ( વાહન બની ) સેવા કરી, પછી પ્રભુને હડસેલી, આકાશમાં ઉડી ગયો. એટલે પ્રભુએ કચ્છપ ( કાચબો ) સૃષ્ટિ કરી તેણે પ્રભુને ચૌદ યુગ પછી થાપ આપી, એટલે નીરંજન પ્રભુ ખૂબ મુશ્કેલીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડયા ત્યારે સોનાનું પૈતા (       ) પાણીમાં ફેંકયું ને વિચાર્યું કે આ વાહન બીજાની જેમ અકૃતજ્ઞ બનશે નહિ, પણ પૈતા (       ) વાસુકી નાગરૂપે બની ગયો. ને તે નાગ પ્રભુને જ ખાવા દોડયો. એ ગતિક ધર્મે ઉલુકના પરામર્શથી કાનનું કુંડલ જલમાં ફેંકયું એટલે તે કુંડલ દેડકા રૂપે બની ગયું. વાસુકી નાગે તેને ખાવાનો વિચાર કર્યો. ( ધર્મપૂજા ગ્રંથમાં આ દેડકાને સ્થાને સહસ્રફણા નાગની ઉત્પત્તિ કહી છે ) પછી ધર્મે પોતાનો મેલ વાસુકીના માથામાં ચાંપ્યો તે મેલ જ આપણી આ પૃથ્વી વસુમતી છે. ધર્મના ધામથી ગૌરી અને ગૌરીના ગર્ભથી બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ જન્મ્યા છે. આ અધિકાર શૂન્ય પુરાણ, ધર્મ પૂજા વિધાન, ઘનરામનું ધર્મમંગલ, ને માણિકદત્તની મંગલ ચંડીમાં, અલ્પાધિક ફેરફાર સાથે વર્ણવેલ છે. આ સૃષ્ટિતત્ત્વ બ્રાહ્મણ્ય સૃષ્ટિ તત્ત્વને મળતું છે. ( પ્રવાસી કા. ૧ પા. ૧૬૦ )

૪૯. નેપાલના બૌદ્ધધર્મીઓ સૃષ્ટિતત્વ સમજાવતાં કહે છે કે–પ્રથમ શૂન્ય સિવાય કાંઈ ન હતું ( સ્વયંભૂ–પુરાણ ) જ્યારે કાંઈ ન હતું ત્યારે સ્વયંભૂ એકલા હતા. ( ગુણ કુરંડ વ્યુહ. ) તે આદિ બુદ્ધને બહુ થવાની કામના ( પ્રજ્ઞા ) થઇ. બુદ્ધ અને પ્રજ્ઞાના યોગથી પ્રજ્ઞા-ઉપાય, કે શિવ–શક્તિ, કે બ્રહ્મા–માયાની રચના થઈ.

સાથે સાથે એ કામનાના ઉદ્રેકથી વૈરોચન, અક્ષોભ્ય, રત્ન સંભવ, અમિતાભ ( પદ્મપાણિ ) ને અમોઘ સિદ્ધિ એ પાંચ બૌદ્ધનો જન્મ થયો. આદિ બુદ્ધે તે પ્રત્યેક બુદ્ધને એકેક બોધિસત્વ સૃષ્ટિ કરવાનો આદેશ આપ્યો ત્યારથી અત્યાર સુધીમાં ચાર બુદ્ધ ને ચાર બુદ્ધકલ્પ થઇ ગયા છે. ચાલુ કલ્પમાં બોધિસત્વ પદ્મ પાણિનું રાજ્ય છે. પદ્મ પાણીયે બ્રહ્મા–વિષ્ણુ–શિવને બનાવી તે ત્રણેયને જગતના સૃજન પાલન અને સંહારના કાર્યમાં જોડી દીધા છે. આ માન્યતાનું કારણ પણ બ્રાહ્મણો સાથેનો સહવાસ છે. ( પ્રવાશી. કા ૧–૧૬૧ )

૫૦ અભેદ માર્ગદર્શક–નિબંધમાં લખ્યું છે કે–આત્મા પોતે જ ઇશ્વર છે. આત્મારૂપ ઇશ્વર, જ્યાંસુધી અજ્ઞાન દશામાં છે ત્યાંસુધી તે સૃષ્ટિનો કર્ત્તા છે. જ્ઞાન થતાં શુદ્ધ સ્વરૂપ સિવાય બીજું કાંઇ રહેતું નથી. અર્થાત્ મનનો વિલય થતાં મનોજન્ય સૃષ્ટિનો વિલય થાય છે. તેથી તેવા શુદ્ધ જ્ઞાનમય સમયમાં સૃષ્ટિ એ શું છે ? એવો સવાલ પણ હૈયાત હોતો નથી. ત્યારે તે કોણે બનાવેલ છે, એવો વિસંવાદ તે સંભવે જ કયાંથી ? આત્મારૂપ ઇશ્વરે આ સકલ સૃષ્ટિ રચી છે. અર્થાત આ સકલ સૃષ્ટિનું અધિષ્ઠાન મનરૂપ આત્મા છે. દરેક કાર્યનું અધિષ્ઠાન હોય છે. ( તેમ ) જગત પણ એક કાર્ય છે. માટે તેનું પણ અધિષ્ઠાન હોવું જ જોઇએ, અધિષ્ઠાન વગર કોઇપણ કાર્ય પ્રતિત થાય નહીં, સૂક્ષ્મ વિચાર કરતાં જગતરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહત્કાર્યનું અધિષ્ઠાન મનરૂપ આત્મા છે. મનરૂપ આત્મા ત્રિગુણ—સત્વ, રજ, અને તમરૂપ ત્રિપુટીમય છે. મનની સાત્વિક વૃત્તિ તે વિષ્ણુ, મનની રાજસ વૃત્તિ તે બ્રહ્મા અને તામસ વૃત્તિ તે શંકર. મનરૂપ આત્મા કે ઇશ્વરથી જગતરૂપ મહત્કાર્ય કલ્પાયેલું છે. અર્થાત્ મનરૂપ આત્મા જગતનું અધિષ્ઠાન છે. એ કલ્પિત મનોમય જગતને રાજસવૃત્તિરૂપી બ્રહ્મા કલ્પના કરી સ્રજે છે. સાત્વિક વૃત્તિરૂપ વિષ્ણુ તેનું પાલન કરે છે. અને તામસ વૃત્તિરૂપ શંકર કલ્પિત જગતનો સંહાર કરે છે. (ચાલુ.)

# સમ્યકત્વના શત્રુઓ.

જૈનધર્મના પવિત્ર માર્ગે ચાલનારા, શ્રાવકોના ધાર્મિક અને વ્યવહારિક જીવનનો આધાર સમ્યકત્વ છે. શ્રાવકત્વનું શુદ્ધ સ્વરૂપ સમ્યકત્વના અંગીકારમાં રહેલું છે. શ્રાવકે પોતાના જીવનમાં સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિને માટેજ ચિંતવન કરવાનું છે. એ ચિંતવન કરવા માટે જ દરેક શ્રાવક જન્મ્યો છે. તેથીજ ભગવાન્ તીર્થંકરોએ સૂત્રવાણીમાં બોધ દુર્લભ અનુપ્રેક્ષા પ્રરૂપેલી છે. એ અનુપેક્ષામાં પ્રાણીને આ સંસારમાં અનંતકાળ પરિભ્રમણ કરવાની, આત્માનું સત્ય સ્વરૂપ ન સમજાયું તેને માટે પશ્ચાત્તાપ કરવાની અને વારંવાર જન્મ—મરણ પામવાની પીડા વ્હોરી લીધાની ચિંતા કરવાની સૂચના દર્શાવેલી છે. એ અનુપ્રેક્ષા સમ્યકત્વનો લાભ મેળવ્યો હોય તોજ થઈ શકે છે. ટુંકામાં જૈનત્વ કે શ્રાવકત્વ મેળવવામાં સત્ય, ક્ષમા, વિનય, બ્રહ્મચર્ય, ઉપશમ, નિયમ, ત્યાગ અને નિર્ગ્રંથ વગેરે ઉત્તમ ગુણો મેળવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. એવું સમ્યકત્વ પ્રાપ્ત કરવા માટેજ શ્રાવકોનું જીવન નિર્મિત થયેલું છે. બીજે રૂપે આલંકારિક ભાષામાં કહીએ તો તે સમ્યકત્વનો મહાગુણ આ ઘોર સંસારરૂપી ભયંકર અટવીમાં મુસાફરી કરનારા મનુષ્ય પ્રાણીઓને અનુપમ વિશ્રાંતિ આપનાર અને ઉભય-લોકના વાંછિતો પૂરનાર એક કલ્પવૃક્ષ છે. એટલુંજ નહીં પણ છેવટે મુક્તિનગરીનો કલ્યાણમય અને પરમશાંતિદાયક માર્ગ બતાવનાર એક ભોમીયારૂપ છે.

આવા સમ્યકત્વરત્નની પ્રાપ્તિ થવી દુર્લભ છે. તથાપિ સત્કર્મ યોગે જો કદિ તેની પ્રાપ્તિ થઇ તો પછી તેનું રક્ષણ કરવું મુશ્કેલી ભરેલું છે. એ મહા દિવ્ય રત્નનો યોગક્ષેમ રાખવાને માટે મહાત્માઓએ બહુ ઘોષણા કરી ઉપદેશો આપેલા છે.

શ્રાવક જીવનને ખરૂં શ્રાવકત્વ આપનાર એ સમકિતના શત્રુઓ ઘણા છે. કવિઓ તેમને સમકિતના ચોર પણ કહે છે. તેઓમાંથી મુખ્ય ચાર શત્રુઓ મોટા છે. તેમની શક્તિવિષે જૈનશાસ્ત્રોમાં ઘણું લખે છે. અને તેમને ઓળખવાને માટે તેમનાં કેટલાએક મુખ્ય લક્ષણો આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આજકાલ પૃથ્વી ઉપર એ શત્રુઓ કેવી રીતે ફાવે છે? તેનું દિગ્દર્શન કરાવવા માટે આ વિષય લખવાનો ઉદ્દેશ છે.**

સમકિતનો મુખ્ય શત્રુ **મિથ્યાત્વ** છે. જૈન વિદ્વાનોએ તેના સ્વરૂપને માટે ઘણું ઉપદેશ્યું છે. તથાપિ વર્ત્તમાનકાલે એ શત્રુનો પ્રવેશ શી રીતે થાય છે? તે અવશ્ય જાણુવા યોગ્ય છે. પૂર્વકાલે એ શત્રુ વિદ્યમાન હતો; તથાપિ તે સમયે જૈનોનું હૃદયબળ ઉચ્ચતર હતું. એટલે તેની વિશેષ શક્તિ ચાલી શકતી ન હતી. આજકાલ હૃદયબળ હીન છે. સ્વાર્થના બળથી તે દબાઇ ગયું છે, એટલે તે મિથ્યાત્વ વીર બળવાન્ થઇને પ્રવર્ત્તે છે. જૈન શાસ્ત્રકારોએ **લૌકિક** અને **લોકોત્તર** એવા મિથ્યાત્વના મુખ્ય બે પ્રકાર માનેલા છે. તેમાં હાલ લૌકિક મિથ્યાત્વનું બળ ઘણું વધી ગયું છે. ઘણાં જૈનોના હૃદય ઉપર સ્વાર્થનું અંધકાર પ્રસરવાથી, તેઓ પોતાના જૈનત્વને ભૂલી જાય છે. જો સ્વાર્થની સિદ્ધિ થતી હોય તો લૌકિક મિથ્યાત્વને સાંસારિક સુખો માટે હૃદયથી આવકાર આપે છે. સમકિતનો મહાન્ શત્રુ મિથ્યાત્વ સ્વાર્થની સહાય લઇ જૈન પ્રજાના મોટા ભાગમાં જુદે જુદે રૂપે પેસી ગયો છે. કોઇ સ્થળે તે વિવેકને બહાને પ્રવેશ કરે છે, કોઇ સ્થળે તે લોભદ્વારા પેસી જાય છે, કોઇ સ્થળે કુસંપનું આલંબન લઇ દાખલ થાય છે, કોઇ ઠેકાણે દ્વેષ તથા ઇર્ષ્યાના મિષથી પેસી જાય છે અને કોઇ સ્થળે ખુશામતનો લાભ લઇ અને કીર્ત્તિના લોભે દાખલ થઇ જાય છે. જ્યાં દૃષ્ટિ ફેરવીએ છીએ ત્યાં કોઇ પણ પ્રકારે મિથ્યાત્વ શત્રુનું વાસ્તુ થયેલું જોવામાં આવે છે.

બીજી રીતે પણ તે મિથ્યાત્વ ઘણે સ્થળે દર્શન આપે છે. પ્રાયે કરીને આ મિથ્યાત્વનું બળ વેહેમની આગળ બહુ ચાલે છે. હૃદયમાં જરા પણ વેહેમનો પ્રવેશ થયો કે તરતજ એ મહાશત્રુ દાખલ થયા વિના રહેતો નથી, તેટલુંજ નહીં પણ તે પેઠા પછી તે મનુષ્ય શ્રાવકપણું પણ ભૂલી જાય છે.

સુજ્ઞ શ્રાવકોએ સમજવું જોઇએ કે, આ લોકમાં તેમના શ્રાવકત્વને શોભાવનાર અને શુદ્ધ જૈનત્વ બક્ષનાર સમકિતનો કટ્ટો દુશ્મન મિથ્યાત્વ છે. તેમાં પણ વર્ત્તમાન કાલે તે મહાશત્રુને પ્રવેશ કરવાના ઘણા લાભ મળે છે. તેથી તે મહાશત્રુ સમકિતરૂપ અમૂલ્ય પદાર્થનો નાશ ન કરે—એ ભયંકર લુંટારો સમકિતરૂપ રત્નને લુંટી ન જાય, તેને માટે સદા સાવધાની રાખવી જોઇએ.

સમક્તિનો બીજો શત્રુ **અવિરતિ** છે. આગમ–શાસ્ત્રકારોએ તેનું સ્વરૂપ ઘણું વિવેચન કરીને સમજાવ્યું છે, પરંતુ સાંપ્રતકાલે એ મહાન્ શત્રુ સમક્તિનો વિચ્છેદ કરવા કેવી પ્રવૃત્તિ કરે છે? તે પ્રત્યેક જૈને સમજવાનું છે. જો કે સંસારી જીવો ગૃહાવાસમાં રહી સર્વ વિરતિપણું મેળવી શકતા નથી, એ વાત સત્ય છે, પરંતુ પ્રબુદ્ધ ગૃહસ્થો અવિરતિની હદ ( દેશવિરતિપણું ) રાખી શકે છે. વર્ત્તમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળે પૃથ્વીમાં અવિરતિનું મહાન્ બળ ચાલે છે. આર્થિક લોભને લઇને એ મહાશત્રુ વિશેષ ફાવતો જાય છે. તેના પ્રચંડ પંજામાં આવેલાં લોકો અકાર્ય-હિંસા, જુઠું બોલવું, ચોરી કરવી વગેરે અકાર્યો કરવાને પણ પ્રવર્ત્તે છે. અવિરતિ એક શત્રુ છતાં તેની સાથે બીજા અનેક શત્રુઓ સામેલ થાય છે. ચતુર્વિધ કષાયો તેની મદદમાં આવે છે અને તેથી તે પ્રચંડ શત્રુને પરિપૂર્ણ ઉત્તેજન મળે તે સર્વની સહાયથી અતુલ બળને ધારણ કરનાર અવિરતિ શત્રુ કેટલીક વખતે જૈનોના સમકિતને પણ છિન્નભિન્ન કરી નાંખે છે. તે પ્રબળ રિપુની આગળ સમકિતની રક્ષા કરવી અશકય થઇ પડે છે.

સમ્યકત્વના આરાધક અને કલ્યાણના સંપાદક એવા શ્રાવકોએ પોતાના સમકિતની રક્ષા કરવા માટે તે સમકિતના શત્રુરૂપ એવા અવિરતિ દોષનો સર્વદા નહીં તો અમુક અંશે તો ત્યાગ કરવો જોઇએ.

સમ્યકત્વનો પરાભવ કરવામાં ચતુર એવો ત્રીજો શત્રુ **યોગ** છે. આર્હત વિદ્વાનોએ તે યોગનું સૂક્ષ્મ સ્વરૂપ ઘણાં ભેદોથી પ્રરૂપેલું છે. જૈન શાસ્ત્રમાં યોગના એકંદર પંદર ભેદો બતાવેલા છે. આ શત્રુ મિથ્યાત્વ અને અવિરતિના જેવો પ્રચંડ નથી, તથાપિ આજકાલ તે યોગ શત્રુનો દુરૂપયોગ થવા માંડયો છે. તેનો સદુપયોગ કરવામાં કોઇકજ પ્રવૃત્તિ કરે છે. મનના યોગના સંબંધમાં સત્ય મનોયોગનું દર્શન કોઇકજ સ્થળે થાય છે. પ્રાયઃ પ્રત્યેક સ્થાને અસત્ય મનોયોગનું બળ દેખાય છે. સારા વિચારોના કરતાં ખોટા વિચારો કરનારાનો મોટો વર્ગ છે. સંઘ, જ્ઞાતિ, વ્યવહાર, વેપાર અને બીજા કાર્યોમાં અસત્ય મનોયોગ અને વચનયોગની છાયા વધારે દેખાય છે.

વચન યોગના સંબંધમાં પણ વિપરીત ભાવ થઇ ગયો છે. પ્રતિષ્ઠિત ગણાતા શ્રીમંતોના મુખમાં પણ સત્યવચન યોગનો વિયોગ થતો જાય છે. તેમાં કેટલાએક મિશ્રવચન યોગનો ઉપયોગ વિશેષ કરે છે, વર્તમાન કાલે યોગની અંદર એટલી બધી અશુદ્ધિ થઇ ગઇ છે કે, તેથી લોકવિશ્વાસ જરાપણ ટકી શકતો નથી. એવો નઠારો યોગ સમક્તિનો પ્રબળ શત્રુ થઇ પડે છે. જૈન પ્રજાએ શ્રેયને સાધનાર પોતાના સમક્તિની રક્ષા કરવા માટે એ કુયોગરૂપ મહા શત્રુથી સદા સાવધાન રહેવાનું છે.

સમક્તિનો ચોથો શત્રુ **પ્રમાદ** છે. પ્રમાદ એ સર્વ દુર્ગુણોનો રાજા કહેવાય છે.

તે પ્રમાદના માનસિક અને શારીરિક એવા બે ભેદ થઇ શકે. માનસિક પ્રમાદ અધ્યાત્મ કે જ્ઞાનના તત્વોને અને શારિરીક પ્રમાદ આર્થિક તત્વોને તોડી પાડનારો છે વર્ત્તમાનકાલે માનસિક અને શારીરિક-ઉભય પ્રકારનો પ્રમાદ જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રજામાં વધતો જાય છે. જેઓ જૈન પ્રજાને કેળવણી અને ઉદ્યોગના સાધનો આપી શકે છે, તેવા કેટલાએક શ્રીમંતો તે પ્રમાદને તાબે થઈ ગયેલા જોવામાં આવે છે. એટલે જૈનોના નવીન યુવકોને તેમના તરફથી ઉત્તેજન મળવું અશકય થઈ પડયું છે. જે જે સાધનો ધનના બળથી મેળવી શકાતાં હોય, તેવાં સાધનો મેળવી શકાતાં નથી. પ્રમાદને લઈને શ્રીમંતોની સર્વત્ર ઉપેક્ષા દેખાય છે.

જૈનોમાં માનસિક પ્રમાદ એટલી બધી હાનિ કરે છે કે જેથી જૈન પ્રજાને બહુ શોષવું પડે છે. આજકાલ જૈનોમાં જોઇએ તેટલી ઉંચી કેળવણી લેવામાં આવતી નથી, તથાપિ કેટલાએક ઉંચી કેળવણીનો લાભ મેળવવાને ભાગ્યશાળી થઇ શકે છે. અહિં ખેદ સહિત જણાવવું પડે છે કે, જે જૈનયુવકો સરસ્વતાના ઉત્તમ પ્રસાદના પાત્ર બને છે, તેઓ માનસિક પ્રમાદવશ થઇ પડે છે. તેથી તેમની ઉંચી કેળવણીનો લાભ જૈન પ્રજા મેળવી શકતી નથી. જૈન વિદ્વાનોએ પૂર્વકાલે વિજ્ઞાનથી ભરપૂર અને ચમત્કૃતિ ભરેલા હજારો ગ્રંથો લખેલા છે, અને આ વિશ્વ ઉપર જૈન સાહિત્યની મહાન્ સમૃદ્ધિને વિશાળતાથી વધારી છે, તે તરફ ઉંચી કેળવણી પામેલા નવીન જૈન વિદ્વાનો ઉપેક્ષા કરી રહ્યા છે, તેજ માનસિક પ્રમાદનો પ્રભાવ છે. જૈન પ્રજાનો મોટો ભાગ બહુધા વ્યાપાર તરફ સેંકડો વર્ષ થયાં ઢળી ગયેલો તેથી વિદ્યા જ્ઞાન તરફ સ્વાભાવિક રીતે તેનું લક્ષ ઓછું છે. ત્યારે નવીન કેળવાએલા વર્ગ ઉપરજ જૈન સાહિત્યના વિકાસનો આધાર રહેલો છે, તેઓ તે તરફ ઉપેક્ષા રાખે છે, તેથી જૈનસાહિત્ય ખરેખરૂં પ્રકાશમાં આવી શકતું નથી.

આ માનસિક પ્રમાદનો પ્રવેશ ગૃહસ્થ વર્ગની સાથે કેટલેક અંશે મુનિવર્ગમાં પણ થયેલો જોવામાં આવે છે. તથાપિ જૈન પ્રજાના સુભાગ્યે આજકાલ કેટલાએક વિદ્વાન મુનિઓ જૈનસાહિત્યની સેવા કરવાને આગળ પણ પડ્યા છે.

વિશેષ આનંદની વાત એ છે કે, કેટલાએક વિદ્વાન અને ઉત્સાહી મુનિ મહારાજાઓની સહાયથી જૈનસંસ્થાઓ તરફથી જૈન ધર્મના ઉપયોગી ગ્રંથો મૂલ સ્થિતિમાં બહાર પાડવાની યોજના કરવામાં આવી છે. આ યોજનાથી જૈનોના ઘણાં પ્રાચીન ગ્રંથોનો ઉદ્ધાર થાય છે. આ ગ્રંથોમૂલ સ્થિતિમાં બહાર પડવાથી તેના આશયથી સંસ્કૃત અને માગધી ભાષાને નહીં જાણનારો મોટો વર્ગ અજ્ઞાત રહે છે, તેથી નવીન વિદ્વાનો તરફથી જૈનશૈલીને વિરોધ ન આવે તેવી રીતે તેનાં ભાષાંતરો થવાની જરૂર છે. તેમજ જૈન વિજ્ઞાનને સરકારી યુનિવર્સીટીમાં સ્થાન મળ્યું છે, તેથી તે ઉપર તેની ઇંગ્લીશ નોટો કરવાની પણ આવશ્યક્તા છે. માનસિક પ્રમાદને વશ થયેલા જૈન નવીન વિદ્વાનો તે તરફ ઉપેક્ષા રાખે છે, તે ઘણું શોચનીય છે.

આ પ્રમાણે આજકાલ સમ્યકત્વના શત્રુઓનું બળ વધી પડયું છે. તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો વિરોધ કરવાની આવશ્યકતા છે. જ્યારે તે શત્રુઓના બળને ક્ષીણ કરવામાં આવશે, ત્યારે જ જૈન પ્રજા પોતાની ધાર્મિક અને વ્યવહારિક ઉન્નતિ સાધી શકશે. શ્રાવકત્વને શોભાવનાર અને જૈનત્વને દીપાવનાર સમકિતના શત્રુઓનો પરાભવ કરવાને પ્રત્યેક જૈને કટિબદ્ધ થઇ પ્રયત્ન કરવો જોઇએ. જેને માટે " સમ્યકત્વના સર્વ શત્રુઓ તત્કાળ પરાભવને પામો અને આ ભૂમિ મંડળ ઉપર આર્હત ધર્મ આનંદથી જય પામો. " એટલુંજ જણાવી આ લેખ બંધ કરૂં છું.

# વિચાર સૃષ્ટિ અને ભાવના.

જે વસ્તુ પ્રાપ્ત કરવાની મનમાં અભિલાષા ઉત્પન્ન થાય છે તેને વિચાર કહે છે. વિચાર વિચારરૂપે જ્યાં સુધી રહે ત્યાં સુધી કલ્પના કહેવાય છે. પરંતુ ઉચ્ચ, પવિત્ર સાંસારિક કે આત્મિક જીવન વ્યતીત કરવાની જે પ્રબળ ઇચ્છા થાય છે તે ભાવના કહેવાય છે. જે મનુષ્યના વિચાર દૃઢ હોય છે તે એક દિવસ અવશ્ય પોતાની કલ્પનાને ભાવનાના સ્વરૂપમાં જોઇ શકશે.

સંસારમાં વિચારવાન પુરૂષોજ મોક્ષપથ દેખાડનાર છે. કારણ કે સર્વે પ્રકારની પરીક્ષાઓ, પાપો તથા અધમ કાર્યો દરમ્યાન તેવા ઉત્તમ વિચારવાન પુરૂષો ( આપ્ત પુરૂષોના ) પવિત્ર વિચારોમાંથી શુદ્ધ તથા પવિત્ર ખોરાક રૂપ ઉપદેશ મળ્યા કરે છે. તેમના વિચારો સર્વ સ્થિતિમાં આદર્શરૂપ હોય છે. જે મનુષ્ય પોતાના મનમાં યોગ્ય વિચાર કરી ઉચ્ચ પ્રકારની ભાવના બાંધે છે તે તેને એક દિવસ સફળ થયેલી જુએ છે. આવા અનેક દૃષ્ટાંતો જૈન શાસ્ત્રોમાં મોજુદ છે.

મનુષ્યે પોતાના વિચાર અને ભાવનાઓને પરિપકવ કરવી જોઇએ. જે સુંદરતા મનુષ્યના ચિત્તમાં હોય, જે સર્વ પ્રિય સૌંદર્ય તેના પરમ પવિત્ર વિચારોને પોષણ કરી રહેલું હોય તે સર્વેને નષ્ટ થવા ન દેતાં પ્રાપ્ત કરી લેવું જોઇએ. કારણકે તેમાંથીજ સર્વ અલૌકિક આત્મ કલ્યાણની સફલતાઓ ઉદ્ભવશે જે વસ્તુઓની અંતઃકરણથી ઇચ્છા કરીએ તે અવશ્ય પ્રાપ્ત થાય છે.

મનુષ્યની પાશવ વૃત્તિની ઇચ્છાઓ સફળ થાય અને સૌથી પવિત્ર ઇચ્છા ન સફળ થાય એ સંભવિત નથી, મનુષ્યનો કોઇ પણ વિચાર એવો નથી કે જેને પૂર્ણ કરવા માટેના ઉપાયો અથવા સાધનો આ જગતમાં ન હોય ?

લોકોની કેટલીક વાતો માત્ર કલ્પના હોય છે એ વિચાર ભૂલ ભરેલા છે. કારણ કે સારા કે ખરાબ વિચારો, યોગ્ય કે અયોગ્ય કલ્પનાઓ કરવામાં આવે છે તે દૃઢ ભાવના બની જાય છે તદનુસાર મનુષ્ય સ્વભાવ ઘડાય છે તે પ્રમાણે ઉદ્યોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે અને એક દિવસ પૂર્ણ થાય છે. સદ્‌વિચારો સુખેથી સફળ થાય છે અને તે સફળતા ચિરસ્થાયી થાય છે; જ્યારે મલિન વિચારો પૂર્ણ કરવામાં ઘણું દુઃખ પડે છે તથા ઘણો વિલંબ થાય છે.

મનુષ્યે પગલે પગલે ઉપર ચઢવું જોઈએ—આગળ વધવું જોઈએ. જૈન શાસ્ત્રમાં બતાવેલ ચૌદગુણ સ્થાન તેજ બતાવે છે. કોઈપણ પદ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરો તે પહેલાં યોગ્યતા પ્રાપ્ત કરો. ઈચ્છા કરી ઉદ્યમ કરો અને ઉદ્યમ કરીને મેળવો. મોક્ષ મેળવવાને માટે તેમ કરતાં અનેક આત્માઓ મોક્ષ પામ્યા છે.

મોટામાં મોટી સફલતા પણ આરંભમાં એક કલ્પના કે સ્વપ્ન હોય છે. વિચાર એ સત્યતાનું બીજ તથા કોઈપણ ભાવનાના અસ્તિત્વનું મૂળ છે.

જ્યાં સુધી મનુષ્યે પોતાની ભાવના યા મનોરથ સિદ્ધિનું લક્ષ્ય કાયમ નહીં કર્યું હોય, ત્યાં સુધી પહોંચવાનો યત્ન નહી કર્યો હોય ત્યાં સુધી તે ઉન્નતિ માર્ગોમાં પ્રવાસ કરી શકશે નહિં.

ઉદ્યોગથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે. પરંતુ મનોરથ માત્રથી સિદ્ધ થતા નથી. જેથી મનુષ્યે પોતાની વિચાર સ્થિતિ તપાસવી જોઈએ. તમારા વિચારો ખરાબ હોય કે સારા હોય કે મિશ્ર હોય પરંતુ તેની મૂળ સ્થિતિ અવશ્ય જોવી જોઈએ.

મનુષ્યની વર્તમાન દશા ગમે તેવી હોય, પરંતુ તેના પોતાના વિચાર કલ્પના ભાવનાના બળથી અધમ દશાને પ્રાપ્ત થશે, અથવા તેજ સ્થિતિમાં રહેશે અથવા ઉન્નત દશાને પણ પહોંચી જશે.

અજ્ઞાન મનુષ્યો સત્ય વસ્તુને જોઈ શકતા નથી; પરંતુ તે તેના બાહ્ય પરિણામને જુએ છે. કે જેને તે દૈવ, ભાગ્ય તથા સંયોગ કહે છે. પરંતુ તે કોઈપણ સ્થિતિનાં પરિણામો પ્રાપ્ત કરનારના માર્ગમાં આવેલી કઠિનતાઓ, તેમજ નિષ્ફલતાઓનો વિચાર કરતા નથી. તેવા મનુષ્યોએ તે સ્થિતિ પ્રાપ્ત કરવા માટે કેવાં કેવાં સાહસો, ઉદ્યોગો કર્યા હશે તેનો વિચાર કરી શકતા નથી.

જ્યાં જ્યાં યત્નો થાય છે ત્યાં ત્યાં પરિણામ અવશ્ય હોય છે. પરિણામ ઉદ્યોગ શક્તિને આધિન છે. તેથીજ જૈન શાસ્ત્રકારો પાંચ નિમિત્ત કારણોમાં જીવો માટે ઉદ્યમ બળવાન કહેલો છે. છતાં પણ પાંચે કારણો વગર કાર્યસિદ્ધિ તો થતીજ નથી તે ચોક્કસ છે. ધન વિદ્યા, અને આત્મા સંબંધી શક્તિઓ ઉદ્યમનાંજ ફળ છે. મોક્ષ પ્રાપ્ત કરવા માટે પણ (અષ્ટ કર્મ ક્ષય કરવા માટે પણ) અપરિમિત ઉદ્યમ કરવો પડે છે. અને તેવા અનેક મહાન પુરૂષોના ચરિત્રો જૈન શાસ્ત્રમાં મોજુદ છે. જેથી દરેક મનુષ્યે પોતાના મનમાં યોગ્ય વિચાર કરી ઉચ્ચ પ્રકારની ભાવના બાંધી ઉદ્યમ કરતાં તેની સફલતા મેળવવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગાર્હસ્થ્ય જીવન

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

માનવ–જીવનનો પ્રારંભ ગૃહસ્થાવસ્થાથીજ થાય છે. એટલા માટે સર્વ પ્રકારના ગુણો શીખવાનું સૌથી પ્રધાન અને ઉત્તમ સ્થાન ઘર જ છે. સર્વ પ્રકારની સારી અથવા ખરાબ ટેવો પહેલવહેલાં ઘરમાં જ શીખાય છે અને તેજ જીંદગીભર ટકી રહે છે; પછી એમાં કોઈ જાતનું પરિવર્તન થતું નથી. જો બાલ્યાવસ્થામાં કોઈને સારૂં શિક્ષણ મળે છે તો તે હમેંશા સારો માણસ થાય છે. અને તેનું આખું જીવન સુધરી જાય છે. અને જો કોઈને ખરાબ રસ્તે દોરવામાં આવે છે તો તેનું બાકીનું જીવન બગડી જાય છે. સદ્દગુણો તરફ પ્રવૃત્તિ અને દુર્ગુણો તરફ ઘૃણા —સદાચાર તરફ પ્રવૃતિ અને દુરાચાર તરફ ઘૃણા બાલ્યાવસ્થામાં ઘરની અંદર ઉત્પન્ન થાય છે. યુવાવસ્થામાં અને સંસારમાં તો તેનો વિકાસ માત્ર થાય છે.

કદિ એમ કહેવામાં આવે કે આજકાલ સંસારમાં જે જે સારી નરસી ખરાબ પ્રથાઓ પ્રસરી રહી છે તેનું મૂળ કારણ લોકોને બાલ્યાવસ્થામાં મળેલું ગૃહશિક્ષણ જ છે તો તે અનુચિત નથી. એક વિદ્વાનનો તો એટલે સુધી મત છે કે દેશમાં સારા નરસા કાયદા કાનુનો બનવાનું મૂળ પણ એ આરંભિક ગૃહશિક્ષણ છે. મોટા મોટા રાજનીતિજ્ઞો અને નેતાઓ વિગેરેને ઘરમાં જેવું શિક્ષણ મળ્યું હોય છે તેવાં જ કાર્યો તે લોકો કરે છે; એટલા માટે બાલકોને શિક્ષણ આપનાર માણસો એવા હોવા જોઈએ કે જેઓ રાજ્યનું પરિચાલન કરનાર કરતાં પણ સારા હોય. બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય રાજ્ય–પરિચાલનથી પણ કંઈક અધિક મહત્વપૂર્ણ અને કઠિન છે. કેમકે દેશનું અને તેના રાજકાર્યનું સમસ્ત ભવિષ્ય તેના બાળકો ઉપર જ નિર્ભર રહેલું છે.

માનવ–જીવનનો આરંભ બાલ્યાવસ્થાથી થાય છે. એટલા માટે પ્રથમ તે સંબંધમાં થોડું કહેવું અયુક્ત નથી. પ્રત્યેક બાળકને સંસારના અન્ય લોકોની સાથે મળવા હળવાનો વ્યવહાર કરવા પહેલાં પોતાનાં ઘરના માણસોની સાથે જ વ્યવહારનો આરંભ કરવો પડે છે. એ જ જગતનો ક્રમ છે. જો બાલ્યાવસ્થામાં ઘરની અંદર બાળક પોતાના ભાઈ બ્હેનો માતાપિતા અને નોકર ચાકરો વિગેરેની સાથે ઉત્તમ અને સભ્યતા પૂર્ણ વ્યવહાર કરવાનું શીખી લે છે તો પછી એટલું તો નિશ્ચય સમજવું કે આગળ ઉપર સંસારમાં તે હમેશાં સૌની સાથે ઘણી જ ઉત્તમ રીતે વર્તશે. જો ઘરમાં બાળકને સાચું બોલવાની શાંત રહેવાની, મોટાની આજ્ઞા પાળવાનો તથા એવી બીજી અનેક સારી બાબતોનો અભ્યાસ પડી જાય છે તો પછી આગળ ઉપર તે અસત્યવાદી, ઉદ્દણ્ડ અથવા કુમાર્ગી થશે એવી કોઈ શંકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેતી નથી. કહેવાની મતલબ એ છે કે ઘરની અંદર જે બાળક સદ્વર્તનશાળી હોય તે મોટો થતાં પણ જગતમાં સદ્વર્તનશાળી જ રહેવાનો. એટલા માટે વિદ્વાનોએ ગૃહશિક્ષણને દેશ સુધારણાનો મુખ્ય પાયો ગણ્યો છે. ઘરની અંદર બાળકોના જેવા સંસ્કારો હોય છે તેવાજ દેશની રીતિનીતિ, વિદ્યા, બુદ્ધિ અને મહત્તા—સંપન્નતા આદિ પણ હોય છે.

બાલ્યાવસ્થાના ખરાબ સંસ્કાર સારા સારા મહાત્માઓમાં પણ ટકી રહેલા જોવામાં આવે છે. એટલા માટે બાળકોને સર્વ પ્રકારની ખરાબ બાબતોથી બચાવવાની અત્યંત આવશ્યકતા રહેલી છે. ન્યાય સંગતતો એ સિદ્ધાંત જણાય છે કે બાળકોની પ્રવૃત્તિ જન્મથી સાત્વિક અને સુરૂચિ પૂર્ણ હોય છે, અને તેને તામસી અથવા કુરૂચિપૂર્ણ બનાવવા માટે તેના ઉપર બળપ્રયોગ કરવો પડે છે. વળી કેટલાક વિદ્વાનોનું મંતવ્ય એ છે કે બાળક જે સમયે જન્મ લે છે તે સમયે તેનામાં કોઈ સારી યા નરસી વસ્તુ નથી હોતી; તેનામાં સારા યા નરસા ગુણોનું આરોપણ પાછળથી જ થાય છે. આ બે મતમાં કયો મત ઠીક છે એનું વિવેચન કરવાનો અત્ર આવશ્યકતા નથી જણાતી. જો પહેલો મત ઠીક ગણવામાં આવે તોપણ સારી વાત છે; અને નહિતો બીજો મત પણ આપણા કામને માટે ઉપયોગી છે. પરંતુ એટલું તો અવશ્ય માનવું પડે છે કે સ્વભાવતઃ બાળકોની પ્રવૃત્તિ ખરાબ કાર્યો કરતાં સારા કાર્યો તરફ વધારે હોય છે અને તેઓને ખરાબ બનાવવા કરતાં સારાં બનાવવાનું કાર્ય વધારે સહજ છે. ભલે બાળકોની પ્રવૃતિ સુરૂચિ પૂર્ણ ન પણ હોય, પરંતુ તે કુરૂચિપૂર્ણ છે એવું કદિપણ સિદ્ધ કરી શકાશે નહિ. કાંતો આપણે બલપૂર્વક બાળકોની સુરૂચિનો નાશ કરીને તેઓને કુમાર્ગે પ્રવૃત્ત કરીએ છીએ. અથવા કોઇ નિર્દોષ ક્ષેત્રમાં દૂષિત બીજ રોપીએ છીએ. ગમે તે હોય પરંતુ સંસારના સમસ્ત દોષો અને અવગુણોનું ઉત્તરદાયિત્વ માતાપિતા વિગેરે ઉપર અને ગૃહ–શિક્ષણ પર નિર્ભર રહેલું છે.

જન્મ વખતે બાળક બિલ્કુલ અબોધ અને અજ્ઞાન હોય છે. તે સમયે તેની આવશ્યકતાઓ ગમે તેટલી હોય, તો પણ તેનામાં અભિલાષાઓ અથવા વાસનાઓ વિગેરેનો અભાવ હોય છે. જ્યારે બાળક છ સાત મહીનાનું થાય છે ત્યારે તેનામાં અભિલાષાઓ ઉત્પન્ન થાય છે, પરંતુ તે અભિલાષાઓ પ્રકટ કરવાની શક્તિ તેનામાં હોતી નથી. બાળકની ઈચ્છાઓ જાણવી અને યોગ્ય રીતે તેની પૂર્તિ કરવી એજ એનાં શિક્ષણનો આરંભ છે. એ શિક્ષણ બાળકને અજાણી રીતે મળે છે જો કે બાળકને પોતાને એ શિક્ષણનું કંઈ પણ જ્ઞાન નથી હોતું તોપણ તેની પ્રવૃત્તિ અને ચરિત્રના સંગઠનમાં તે ઘણું મદદરૂપ બને છે. જ્યારે બાળક દોઢ વર્ષનું થાય છે ત્યારે તેનામાં થોડીઘણી સમજ આવી જાય છે. એ સમયથી તેને જે શિક્ષણ મળવા લાગે છે તેના દૃઢ સંસ્કાર તેના મન ઉપર પડવા લાગે છે. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયે બાળક પર પડતો પ્રભાવ ઘણે ભાગે સ્થાયી હોય છે. જો એ અવસ્થામાં કોઇ રીતે બાળક પર કોઈ ખરાબ સંસ્કાર અથવા પ્રભાવ પડી ચૂકયો હોય તો પણ પ્રયત્ન કરીને પણ ઘણે અંશે તે દૂર પણ કરી શકાય છે. પરંતુ એ પ્રયત્નને ત્યાં સુધી શીઘ્રતાથી જ કરવો જોઇએ, કેમકે જેમ જેમ સમય જતો જશે તેમ તેમ તે સંસ્કાર દ્દઢ બનતો જશે અને વધારે દ્દઢ થયા પછી તેને દૂર કરવાનું પણ તેટલુંજ કઠિન થતું જશે. એ અવસ્થામાં બાળકોને ઉચિત ભોજન, વસ્ત્ર વિગેરે આપીને ઉચિત રીતે તેઓનો ઇચ્છાઓ પુરી કરીને, તેઓને હમેશાં ખુલ્લી હવામાં રાખીને અને એવા પ્રકારના બીજા ઉપાયો વડે આપણે તેઓને લાલચુ, હઠીલા અને રોગી થવામાંથી બચાવી શકીયે છીએ. એવા બાળકોને રોવાનો પણ બહુ અભ્યાસ નહિ પડે. જે બાળક આખો દિવસ ધાવ્યાજ કરતુ હોય છે, જે બાળકને તેના ભાઈબ્હેન આખો દિવસ રોવરાવ્યા કરે છે અથવા મારે પીટે છે, અથવા જે બાળકને તેની માતા આખો દિવસ સુવાડી મુકે છે તે બાળક આગળ ઉપર કેવું નીવડવા સંભવ છે એનું અનુમાન સૌ લોકો પોતે કરી શકે તેમ છે.

બાળકની ઉક્ત અવસ્થા પ્રાયે કરીને અઢી વર્ષ સુધી રહે છે. ત્યાર પછી ચાર પાંચ વર્ષનો સમય બાળકની સઘળી શક્તિઓના વિકાસનો છે. એ વાતને ઘણે ભાગે સૌ જાણે છે કે બાળકોની પ્રવૃત્તિ અનુકરણ પ્રિય હોય છે; તેઓ બીજા લોકોને જે કાંઇ કરતા જુએ છે તેજ તેઓ પોતે કરવા લાગે છે. ઉદાહરણ જ તેનો સૌથી મોટો ગુરૂ અને અનુકરણજ તેનું સૌથી મોટું શિક્ષણ હોય છે. તે સાથે બાલ્યાવસ્થામાં જે સંસ્કાર હ્રદય ઉપર દ્દઢીભૂત થઇ ગયા હોય છે તે આ જીવન નષ્ટ થતા નથી, પણ ઉલટા ઉત્તરોત્તર વધ્યા કરે છે. સદ્દગુણ કે દુર્ગુણનું બીજારોપણ એ સમયેજ થાય છે. એટલા માટે તેની પાસે હંમેશાં ઉત્તમ આદર્શ અને ઉદાહરણ ઉપસ્થિત રહેવાં જોઇએ. બાળક જો પોતાની આસપાસના માણસોને જુઠું બોલતા કે આચરતાં જોઇએ તો તે પણ એ પ્રમાણે કરતાં અવશ્ય શીખે છે. કેમકે એવી બાબતોનો ઘણો ખરાબ પ્રભાવ પડે છે. ઘણાંય લોકો પોતાના બાળકોને અપશબ્દો બોલવાનું અથવા બીજાઓને મારવાનું શીખવે છે અને પોતાનાં બાળકોને એમ કરતાં જોઇને પોતે ઘણા પ્રસન્ન થાય છે. પણ તેઓ એમ નથી સમજતા કે એવી વાતોથી બાળકોનું જીવન નષ્ટ થઇ જાય છે. તેઓને બીજા લોકોને ગાળો દેવાની અને મારવાની ટેવ પડી જાય છે અને ભવિષ્યમાં તેઓ ઘણું કરીને બદમાશ થઈ જાય છે. બાળકોના જીવન પર એવી લાલચોનો ઘણોજ નિકૃષ્ટ પ્રભાવ પડે છે અને તે નિકૃષ્ટ પ્રભાવ જ ઘણે ભાગે તેઓને આચાર ભ્રષ્ટ કરે છે.

જો ગૃહસ્થીના આસપાસના સર્વ લોકો—માતા, પિતા, ભાઈ, બ્હેન, નોકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાકર વિગેરે—સદાચારી હોય તો કદાપિ કોઈ પણ બાળકનું આચરણ બગડવાનો સંભવ નથી. તેની દૃષ્ટિ સમક્ષ ખરાબ ઉદાહરણો આવેજ નહિ તો પછી તે ખરાબ વાતો શીખે જ ક્યાંથી? તેનાં શિક્ષણનો મુખ્ય આધાર તો ઉદાહરણ અને અનુકરજ છે. બાળકને મન સંસારના સર્વ વિષયો અને સર્વ કાર્યો નવાંજ ભાસે છે અને એ બધી નવિનતાઓ જોઈને એના મનમાં મોટું કુતૂહળ ઉત્પન્ન થયા કરે છે. બાળક પોતાની આસપાસના લોકોને જેવી ભાષા બોલતા સાંભળે તેવી જ ભાષા તે બોલવા લાગે છે અને જેવાં આચરણ કરતાં જુએ છે તેવાં પોતે પણ કરવા લાગે છે. બાળકનાં અંત:કરણ ઉપર જે પ્રકારની છાપ પડી હોય છે તે પ્રકારનું જ તેનું આખું જીવન ઘડાય છે કોઈ મહાન કવિ થાય છે, કોઈ કુશળ ગાયક થાય છે, કોઈ મહાન ગણિત શાસ્ત્રી થાય છે, કોઈ મહાન વૈજ્ઞાનિક અથવા તત્વવેત્તા થાય છે તે બધાનું મૂળ કારણ એ છે કે બાલ્યાવસ્થામાં જેને જે વિષયનો શોખ થઈ જાય છે તે મોટો થતાં તે વિષયમાં નિષ્ણાંત બને છે.

ઘણાં માબાપો એમ સમજતાં હોય છે કે ગૃહ—શિક્ષણ સાથે બાળકનાં આચરણને કાંઈ સંબંધ નથી. તે જે કાંઈ શીખે છે તે શાળા પાઠશાળાઓમાં શીખે છે અને મોટો થતાં પોતાના સોબતીઓ પાસેથી શીખે છે, પણ આ સમજ ભૂલ ભરેલી છે. બાળકોનું પ્રધાન શિક્ષણ ઘરમાં જ થાય છે, પાઠશાળામાં અથવા સોબતીઓ પાસેથી મેળવવાનું શિક્ષણ તો ગૌણ છે. સદાચાર અને સદ્વ્યવહારનું શિક્ષણ પ્રત્યેક ઘરમાં હોવું જોઈયે. પ્રત્યેક બાળકને ઘરમાં જ એ વાતનું શિક્ષણ મળવું જોઈયે કે સુસ્વભાવ, ઉદ્યોગશીલતા, સત્યપ્રિયતા, પ્રસન્નતા અને ઉત્તમ અભ્યાસ વિગેરે પ્રત્યેક મનુષ્યને માટે પરમ આવશ્યક અને મહત્વપૂર્ણ છે. એનાં હૃદયપટ ઉપર બહુજ દૃઢતાપૂર્વક એટલું તો અંકિત કરી દેવું જોઈયે કે મનુષ્ય—જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય સદાચારી અને કર્ત્તવ્ય—પરાયણ બનવાનો જ છે. જેવી રીતે કોઈ નાનાં વૃક્ષના થડ ઉપર કોતરેલા અક્ષરો તે વૃક્ષની ઉત્તરોત્તર વૃદ્ધિની સાથે મોટા થતાં જાય છે તેવી રીતે બાળકોના હૃદયંગમ વિચારો પણ તેની ઉમરની સાથે ઉત્તરોત્તર વધતા જાય છે અને પુષ્ટ થતા જાય છે.

બાળકોને સદાચારી, પરિશ્રમી, સહનશીલ, સત્યવાદી અને ઉદાર બનાવવાનું કામ ઘરના બીજા લોકોના હાથમાં છે, પરંતુ એ કાર્ય સૌથી વધારે ઉત્તમતા પૂર્વક અને સહેલાઈથી માતા જ કરી શકે છે. અંગ્રેજીમાં એક કહેવત એવા અર્થની છે કે "એક સારી સદ્‌ગુણી માતા સો શિક્ષકોથી પણ વધારે છે." માતા પુત્રનો પરસ્પર સ્નેહ ઘણોજ વધારે હોય છે; માતા કદિપણ પુત્રને પોતાની પાસેથી એક ક્ષણ પણ અલગ કરતી નથી, તેમજ પુત્ર પણ માતાનો સાથ છોડતો નથી. એવી સ્થિતિમાં બાળક ઉપર માતાના સર્વ કાર્યોનો પ્રભાવ પડે એ સ્વાભાવિક અને અનિવાર્ય છે. છે. પુત્ર પણ પોતાની માતાનું જેટલું અનુકરણ કરે છે તેટલું બીજા કોઈનું કરતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. રાતદિવસ તેની દ્રષ્ટિ સમક્ષ માતા જ રહે છે. અને તે અધિકાંશ વાતો તેની પાસેથી જ શીખે છે. એ સ્થિતિમાં બાળકનું ચારિત્ર ઉત્તમ ઘડવા માટે દરેક માતાએ સદ્દગુણી થવું જોઇયે એ જ સૌથી અધિક આવશ્યક અને મહત્વપૂર્ણ છે. એ એક સ્વાભાવિક નિયમ છે કે ઉપદેશો કરતાં ઉદાહરણોનો જ લોકો ઉપર સૌથી વધારે પ્રભાવ પડે છે. નીતિશાસ્ત્રના ગ્રંથો સંસારની લગભગ બધી ભાષાઓમાં પુષ્કળ પડ્યા છે. જે અનેક કિંમતી ઉપદેશ વચનોથી ભરપૂર છે; પરંતુ એ સર્વ ઉપદેશોની અનુસાર આચરણ કરનારા ઘણા થોડા માણસો જોવામાં આવે છે. અને મોટો ભાગ તો એક બીજાની દેખાદેખીથી જ આચરણ કરે છે. કોઇપણ મનુષ્ય ઉપર એક સારા ઉદાહરણનો જેટલો ઉત્તમ અને સ્થાયી પ્રભાવ પડે છે તેટલો કેવળ ઉપદેશનો પડતો નથી. અને બાળકોના સંબંધમાં આ વાત વધારે ભારપૂર્વક કહી શકાય. ઉપદેશ સમજવાની શકિત બાળકમાં ઘણી જ ઓછી હોય છે, પરંતુ પ્રત્યક્ષ આચરણ અને કાર્ય તેના સમજવામાં સત્વર આવી જાય છે. જો આચરણ અને ઉપદેશ એક બીજાથી વિરૂદ્ધ પ્રકારના હોય તો તેનું પરિણામ વધારે ભયંકર આવે છે. દાંભિક વૃત્તિ કેળવવાના અને લોકોને છેતરવાના શિક્ષણનો આરંભ અહિંથી જ થાય છે. પરંતુ જો બાળકને માતા તરફથી ઉપદેશ પણ સારો મળ્યા કરે અને તેનાં સત્કાર્યોના ઉદાહરણ પણ પ્રસંગોપાત તને મળતાં રહે તો તે ભવિષ્યમાં સદ્દગુણી અને સદાચારી થશેજ એમાં લેશ પણ સંદેહ નથી. —ચાલુ.

# વર્તમાન સમાચાર

## મુંબઇ–વીલેપારલેમાં જૈન સેનેટેરીયમ.

માગશર શુદ ૧૦ બુધવારના રોજ મુંબઇના વીલેપારલે નામના પરામાં મ્હેસાણા નિવાસી ખાંડના વેપારી શેઠ ડાહ્યાભાઇ ઘેલાભાઇએ પોતાના ગુરૂ સ્વર્ગવાસી આચાર્ય શ્રી બુદ્ધિસાગર સૂરિ સ્મારક શ્રી ઘેલાભાઇ કરમચંદ જૈન સેનેટેરીયમ સુમારે એક લાખ રૂપૈયાના મકાન સાથે પાંચ હજારની તેમાં જોઇતી વસ્તુઓ બીછાનાં, વાસણ રાચરચીલા ફરનીચર સાથે ઉપરોકત નામથી પૂજ્ય પંન્યાસજી શ્રી લલિતવિજયજી મહારાજના (ઉપદેશથી) અધ્યક્ષસ્થાને એક મેળાવડો વીલેપારલેમાં કરી ખુલ્લું મુકી શ્રી સંઘને અર્પણ કરેલ છે. મેળાવડો ભવ્ય કરવામાં આવ્યો હતે. શુમારે એક હજાર મનુષ્યો (ચતુર્વિધસંઘ) સમક્ષ મેળાવડો થયેલ હતો. પ્રથમ કાપડીયા મોતીચંદ ગિરધરલાલે શેઠ ડાહ્યાભાઇની ઇચ્છા જણાવી સમાજની જરૂરીયાત જણાવી હતી. ત્યારબાદ શ્રી. મણિલાલ પાદરાકરે તેની પુષ્ટીમાં વિવેચન કરી શેઠ ડાહ્યાભાઇના હૃદયગત વિચારો અને સેનેટેરીયમની વસ્તુની નોંધ જણાવી હતી. ત્યારબાદ શેઠ ડાહ્યાભાઇએ સ્વાગત સંબંધી વિવેચન કર્યું હતું, ત્યારબાદ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ભાવનગરવાળાએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને જૈનધર્મની રાજનીતિ સમજાવી સાત ક્ષેત્ર સંબંધી હકીકત જણાવી શ્રાવક શ્રાવિકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષેત્રને હાલ સમયે પોષણની જરૂરીઆત કહી, કેળવણી–આરોગ્યતા હોસ્પીટલ અને જૈન ચાલીઓ આ મુંબઇ શહેર માટે જૈન બંધુઓની સેવા કરવા માટેની આવશ્યકતા જણાવી હતી. ત્યારબાદ પાટણવાળા લેહેરૂભાઇ કોટવાળે આ કાર્યની પુષ્ટીમાં અને બ્હેન હીરાકોરે ડાહ્યાભાઇ શેઠને ધન્યવાદ આપ્યો હતો. ત્યારબાદ પંન્યાસજી મહારાજ શ્રી લલિતવિજયજીએ જરૂરીયાત તેમજ કાળ બદલાવા સાથે સાહિત્ય પણ બદલાવવાની આવશ્યકતા માટે ઘણાજ અસરકારક શબ્દોમાં સચોટ ઉપદેશ આપ્યો હતો. ત્યારબાદ પંન્યાસજી લલિતવિજયજી મહારાજે શેઠ ડાહ્યાભાઇનો ઉપકાર માનવાની દરખાસ્ત શેઠ નગીનદાસ કરમચંદના ટેકા સાથે પસાર કરી મેળાવડો વિસરજન થયો હતો. બપોરના પૂજા ભણાવી હતી અને સાંઝના સ્વામી વાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

---

## ભાવનગરના વર્તમાન સમચાર,

પ્રાતઃસ્મરણીય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા અઠ્ઠાઇ મહોત્સવો અને લગ્નસરા.

૧ વડવામાં શ્રી દેરાસરમાં માગશર શુદ ૨ થી શેઠ રતનજી તથા જીવણભાઇ જેચંદના પૌત્રોના લગ્ન પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ શરૂ કર્યો છે.

૨ માગશર શુદ ૧૦ ના રોજ મોટા દેરાશરમાં સામાયિક શાળામાં પ્રાતઃસ્મરણીય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા રૂ. ૭૨૫) આપી શેઠ કુંવરજી આણંદજીએ કરેલી છે. રૂા. ૨૦૦) આપી શાહ માણેકચંદ જેચંદે શાંતિ સ્નાત્ર ભણાવ્યું છે. તે નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ વગેરે ધર્મનાં કાર્યો થયાં છે. સાથે શ્રી સંઘ તરફથી શ્રી શત્રુંજય તીર્થની રચના કરવામાં આવી છે.

૩ શ્રી ગોડીજી પાર્શ્વનાથજીના મંદીરમાં શેઠ વર્ધમાન મનજીના પુત્રના લગ્ન નિમિત્તે ઉજમણું અઠ્ઠાઇ મહોત્સવ અને મેરૂ પર્વતની રચના કરવામાં આવેલ છે વગેરે ધાર્મિક કાર્યો આ માસમાં થયેલ છે.

# ગ્રંથાવલોકન.

**શ્રી જૈન વિશ્રામ મંદિરનો રીપોર્ટ**—સં. ૧૯૮૦ ના માહ શુદી ૫ થી સં. ૧૯૮૧ ના શ્રાવણ વદી ૩૦ સુધીનો અમોને મળ્યો છે. સં. ૧૯૮૦ માહ શુદ ૫ ના રોજ આ સંસ્થાના સ્થાપના થઇ છે. મુંબઇમાં નોકરી ધંધા અર્થે બહારગામથી આવતા જૈન બંધુઓને ખાવાપીવા રહેવાની સગવડ તથા હુન્નર અથવા ધંધો શિખવા સહાય વગેરે આપવાનો ઉદ્દેશ છે. વર્ષ દરમ્યાન ૩૯ બંધુઓને આ સંસ્થામાં આશ્રય મળ્યો છે. મુંબઇ જેવા સ્થળમાં આવી સંસ્થાની જરૂર હતી તેથી અમે તેને આવકારલાયક માનીએ છીએ. પરંતુ આવા ઉત્તમ સ્વામીવાત્સલ્ય માટે નાણાંની પુરતી હજી સગવડ ન હોવાથી આ સંસ્થાની કાર્યવાહક કમીટી વિશેષ પ્રગતિ ન કરી શકે તે સ્વાભાવિક છે. આ સંસ્થાને દરેક જૈન બંધુઓએ નાણાંની પૂરેપૂરી સહાય આપવાની જરૂર છે. તેનો વહિવટ તથા હિસાબ ચોકખાઇવાળા છે. આ સંસ્થાના સેક્રેટરી બંધુ હીરાલાલ મંછાચંદ શાહ કેળવાયેલ હોવાથી ઉત્સાહી અને ખંતીલા કાર્ય કુશળ હોવાથી ભવિષ્યમાં આ સંસ્થાની વિશેષ ઉન્નતિ થશે. અમો તેની આબાદી અને વૃદ્ધિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## " આદર્શ જીવન "

### આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભ સૂરિજીનું જીવન ચરિત્ર.

ઉપરની બુક તેના લેખક શ્રીયુત કૃષ્ણલાલ વર્મા તરફથી સમાલોચના માટે અમોને ભેટ મળેલી છે. આ જીવન ચરિત્રના લેખકે જે મહાપુરૂષનું જીવન ચરિત્ર આમાં આલેખ્યું છે તેમના શિષ્યવર્ગ પાસેથી જુદી જુદી હકીકત મેળવી એક સંપૂર્ણ સુંદર ચરિત્ર પ્રકટ કરેલ છે. સ્વર્ગવાસી પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરે અથાગ પરિશ્રમદ્વારા જેમને અપરિમિત જ્ઞાન આપ્યું, અને જે મહાત્મા શ્રીમાન્ આત્મારામજી મહારાજના અનન્ય ભક્ત હતા, અને જે ગુરૂરાજની સરસ્વતી મંદિર બનાવવાની અધુરી રહેલી ઇચ્છાઓ જુદા જુદા સ્થળે અત્યારે પૂર્ણ કરી રહેલા છે, વળી સમસ્ત ભારતમાં શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરના નામનો ડંકો સમાજ ઉપર ઉપકાર કરી બજાવી રહ્યા છે, જેનું ચારિત્ર નિર્મળ અને જે બાળબ્રહ્મચારી અને જપ, તપ, ક્રિયાનું સતત્ પાલન કરી સંયમની વૃદ્ધિ કરી રહ્યા છે જે મહા પુરૂષ જમાનાને ઓળખી કેળવણી જ્ઞાન પ્રચાર વગેરે કાર્યો કરી લોકોપકાર કરી રહ્યા છે તે મહાત્મા શ્રી વિજયવલ્લભ સૂરીજીની જીવન રૂપ રેખા આ પુસ્તકમાં આપવામાં આવેલ છે. મહાપુરૂષોના જીવનચારિત્રો એ સમાજ અને દેશની પ્રજાને હમેશાં અનુકરણીય હોય છે તેથીજ જનસમાજમાં તે મૂકાય છે અને કેટલીક વખત તે ભવિષ્યકાળમાં ઇતિહાસનું પણ કામ કરે છે. જે જમાનાની આવશ્યકતા સમજી જનસમૂહ ઉપર ઉપકાર ઉપદેશ કરે છે, જેમનું જીવન સદા સત્યમય હોય, સંયમવાન હોય, દરેક પરિણતી પરોપકાર કરવામાં બીજાને આત્મલાભ પ્રાપ્ત કરાવવાની હોય તેવા મહાત્માઓજ ધન્ય છે તેમનું જીવન સફળ છે અને પ્રજાને અનુકરણીય છે. આ જીવન કથામાં વાંચતાં તેવો અનુભવ થાય છે. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીના બાળજીવનનો પ્રસંગ કે જે વખતે પૂજ્યપાદ આત્મારામજી મહારાજનો પ્રથમ પરિચય થયો હતો તે પ્રસંગ ખાસ વાંચવા જેવો જાણવા જેવો, આશ્ચર્ય સાથે આનંદ ઉપજાવે તેવો અનુકરણીય છે. તે વખતે ધર્મશ્રદ્ધા અને ભાવના વૈરાગ્ય ભાવનાની ( ત્યાગ ભાવના ) તે શરૂઆત લલાટપર ભાવિજીવનની ઉજવળ રેખા અને તે પછીના વખતે અને દીક્ષા લીધા બાદ પૂજ્યપાદ આત્મારામજી મહારાજની સેવામાં દશ વર્ષ રહ્યા તે વખતની વૃદ્ધિ થતી ભાવના જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રબળ જીજ્ઞાસા, અનન્ય ગુરૂ ભક્તિ, ગુરૂસેવા, તે તો અલૌકિક આ ચરિત્ર વાંચતા દેખાય છે. " પુત્રના લક્ષણ પારણામાંથી દેખાય છે " એ કહેવત આ મહાત્મામાં પ્રગટપણે દેખાઇ છે. સ્વર્ગવાસી આત્મારામજી મહારાજે આ ચરિત્ર નાયક માટે દીક્ષા આપ્યા પછી ઉચ્ચારેલ શબ્દો "પંજાબનું રક્ષણ અને સમાજ ઉન્નતિ શાસન કે પ્રભાવના ભવિષ્યમાં મારા પછી " વલ્લભ " કરશે " એ વાણી અત્યારે સત્ય કરી છે. સમાજ અનુભવી રહી છે તેમ આ ચરિત્રમાં જણાવેલ હકીકતથી માલુમ પડશે.

ગુરૂરાજની કરેલી અપૂર્વ સેવાભક્તિથી તે વખતે ગુરૂરાજે કહેલ " વત્સ યોગ્ય સમય પર તેરી મનોકામના પૂરી હોગા " એ આશિર્વાદ અને ગુરૂરાજે ઉચ્ચારેલ ભવિષ્યવાણી ગુરૂકૃપા ફળરૂપે આ ચરિત્ર નાયક મહાપુરૂષમાં જોવાય છે. આ જીવનચરિત્ર અથથી ઇતિ વાંચતાં અનેક ઘટના વિચારણીય અને અનુકરણીય વાંચકોને જણાશે. આવા ત્યાગી મહાત્માઓના જીવનચરિત્ર સમાજને ધડો લેવા લાયક આવકારદાયક અને આત્મકલ્યાણ કરનાર નિવડે છે. મનુષ્યને આત્મકલ્યાણના માર્ગે જવા માટે જીવન કથાઓ માર્ગદર્શક છે. જેથી બીજાં પુસ્તકોના વાંચન કરતાં મહાપુરૂષોના જીવન ચરિત્રો વાંચવાની જરૂર છે. તેથી મનુષ્યજીવન ઉચ્ચ–ઉન્નત અને પ્રતિભા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાળી બને છે. આ જીવનચરિત્રમાં અત્યાર સુધીની જીવન ઘટના, શિષ્ય સમુદાય વિહાર વર્ણન, તેઓશ્રીએ સમાજ ઉપર કરેલો ઉપદેશ તથા ધર્મનાં અનેક ખાતાંઓ, ધર્મ પ્રભાવના માટે જન્મ આપેલા છે, જે અત્યારે ચાલી રહેલાં છે. વિગેરેનું (આચાર્યપદ પ્રાપ્ત કર્યા સુધીનું) વર્ણન આપવામાં આવેલ છે. જોકે હિંદિ ભાષામાં સારી રચના કરેલ છે. તેનો લાભ મારવાડ, પંજાબ, બંગાલ વિગેરે લેશે, પરંતુ ગુજરાત, કાઠિયાવાડ કે જ્યાં જૈનોની બ્હોળી વસ્તી છે. તે જોઇએ તેવો લાભ હિંદિ ભાષામાં હોઇ લઇ શકે નહીં માટે આ ચરિત્ર ગુજરાતી ભાષામાં પ્રગટ થવાની જરૂર છે. અમારા જાણવા પ્રમાણે તે નક્કી થયેલ છે. છતાં આ હિંદિ ચરિત્ર પણ ઘણું જ સુંદર, સંકલના પૂર્વક પૂર્ણ હકીકત સાથે લખાયેલ જણાય છે. જે વાંચવાની અમો દરેક બંધુઓને સૂચના કરીયે છીયે.

આઠસો પાનાનો ગ્રંથ વિવિધ છબીઓ સાથે ઘણોજ આકર્ષક છે. કિંમત સાડા ત્રણ રૂપૈયા ગ્રંથ ભંડાર હીરાબાગ મુંબઇ પ્રગટકર્તાને ત્યાંથી મળી શકશે.

---

## નીચેના પુસ્તકો ભેટ મળેલ છે જેનો ઉપકારસાથે સ્વીકાર કરવામાં આવે છે

૧ **હિંસા અહિંસા મીમાંસા**—પ્રકાશક શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાઇટી અંબાલા.

૩ **ચાંદની**—માસિક. તંત્રી નારણદાસ ઇ. પટેલ વ્યવસ્થાપક વર્ધમાન એન્ડ સન્સ-પાયધુની મુંબઇ.

૪ **જૈનયુગ**—ત્રિમાસિક સંપાદક શાહ ધીરજલાલ ટોકરશી અમદાવાદ લવાજમ રૂા. ૧—૦—૦ પુ. ૧ લું અંક ૧ લો.

૫ તત્ત્વાવતાર—લેખક મુનિશ્રી દેવચંદજી પ્રકાશક શેઠ મેઘજીભાઇ થોભણ. તેના અભ્યાસી સાધુ સાધ્વી તથા કોઇપણ ફીરકાના જૈનને ભેટ મોકલવામા આવે છે. મળવાનું ઠેકાણું પ્રકાશકને ત્યાં મુંબઇ. સેન્ડહર્સ્ટ રોડ વલ્લભ બીલ્ડીંગમાં લખો.

## પ્રકીર્ણ.

હાલમાં પ્રવર્તી રહેલા તીર્થો પૈકી શ્રી ગીરનારજી તીર્થ સૌરાષ્ટ્ર દેશમાં આવેલું છે. તેમજ તે શ્રી પવિત્ર શેત્રુંજય ગીરીરાજની પાંચમી ટુંક ગણાય છે, આ તીર્થમાં તીર્થાધીરાજ શ્રી નેમીશ્વર પ્રભુના દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એટલે મોક્ષ એમ ત્રણ કલ્યાણકો થયેલા છે. તે ઉપરાંત ઘણા મહાન પુરૂષો આ તીર્થમાં સિદ્ધિ પદને પામેલા છે, વળી આવતી ચોવીશીમાં બાવીશ તીર્થંકરો આ ગીરનારજી ઉપર મુક્તિ વધુ એટલે શાશ્વતા સુખોને પામવાના છે. આ ગીરનારજી તીર્થ ઉપર શ્રી સંપ્રતીરાજા, વસ્તુપાલ તેજપાલ, સંગ્રામ સૌની, મેલકવશી. કુમારપાલ ભૂપાલ, વિગેરે થઇ ગએલા મહાન રાજાઓ તથા દિવાનોએ બંધાવેલાં દેરાસરો અત્યારે મોજુદ છે તેથી તીર્થની પ્રાચીનતા બતાવી આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ. પુનિત. ( પવિત્ર ) ગીરનારજી તીર્થરાજ ઉપર જીર્ણ થઇ ગએલા દેરાસરોનો જીર્ણોદ્ધાર થઇ રહ્યો છે. ( ચાલુ છે ) નવા દેરાસરો બંધાવવા કરતા જીર્ણપ્રાય ( જુના ) દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવવામાં આઠ લાભ સમાએલા છે. આ તીર્થ ઉપર જીર્ણોદ્ધાર કરાવવામાં સાતથી આઠ લાખ રૂપીઆની જરૂર છે; એડન બંદરથી રૂપીઆ ૨૦૦૦૦) હજાર કોચીન બંદરથી રૂ. ૧૧૦૦૦) હજાર તેમજ બીજા ઘણા ભાગ્યશાલીઓએ હજારો રૂપીઆની રકમો ભરી અમૂલ્ય લાભ લીધો છે તો જે જે ભાઇ બ્હેનોને આ તીર્થ ઉપર સદ્લક્ષ્મી વાપરી અમર નામ રાખવા અને અજરામર સુખો લેવા વિચાર હોય તેમને નીચે લખેલા કાર્યવાહકોને મળી શકવાથી યોગ્ય ખુલાસો મલી શકશે. રૂપીઆ ભરનારને સહી સીક્કાવાળી છાપેલી પેહોંચ આપવામાં આવશે.

૧ શ્રી જુનાગઢ જીર્ણોદ્ધાર કમીટી, મુ૦ જુનાગઢ

૨ શેઠ. ગોંવીદજી ખુશાલની પેઢી c/o કોટમાં મુ૦ મુંબાઇ

૩ શેઠ. ભોગીલાલ તારાચંદ. ઠા. ડોસીવાડાની પોલમાં મુ૦ અમદાવાદ

૪ શા. વાડીલાલ હીરાચંદ. ઠા. મહેતાનો પાડો મુ૦ પાટણ. ( જી. ગુજરાત )

તા. ક. આ પવિત્ર જીર્ણોદ્ધાર ખાતામાં અવશ્ય દરેક ભાઇ બ્હેનો છુટે હાથે લાભ લેવા ચુકસો જ નહિ. ઓમ શાંતિ.

## ઉપાધ્યાયજી શ્રી સોહનવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન ઉપાધ્યાયજી શ્રી સોહનવિજયજી મહારાજ લગભગ પચીશ વર્ષ ઉત્તમ રીતે ચારિત્ર પાળી થોડા દિવસની બીમારી ભોગવી પંજાબ-ગુજરાતવાળા શહેરમાં કારતક વદી ૧૪ રવીવારના રોજ સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. ઉપાધ્યાયજી મહારાજ સોહનવિજયજી મહારાજ સ્વભાવે શાંત, તપસ્વી, અપૂર્વ વૈરાગી અને ધૈર્યવાન આત્મસંયમી અને પરમ ગુરૂ ભક્ત હતા. સાથે શાસન સેવા અને ચારિત્ર પાત્ર હોવા સાથે સંયમ પાળવામાં પરમ ઉદ્યુક્ત હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી જૈન સમાજમાં એક સાધુ રત્નની અને પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદ સૂરીશ્વરજીના સમુદાયમાં એક ખરેખરા ગુરૂભક્ત અને ઉપદેશકની ખોટ પડી છે. તેઓશ્રીના સ્વર્ગવાસથી આ સભાને પારાવાર દીલગીરી થાય છે. તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ અનંત પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

# સ્નેહાંજલિ.

નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ રાગ.

સોહન મુનિ સ્વર્ગમાં અદ્ય સિધાવ્યા, એવા ભાવિકના મન ભાવ્યા. સોહન.—ટેક.
સ્નેહ સુખાવહ સાંભરી આવે, ત્યાં નયનમાં અશ્રુ વહાવ્યાં;
ઉપદેશ અમૃત આપી જગતમાં, વૈરાગ્યનાં બીજ વાવ્યાં. સોહન–૧
કામ અનેક કરાવ્યાં મનોહર, જ્ઞાનમાં નાણું ખપાવ્યાં;
નિર્મળ આનન્દ ચિત્ઘન દેશે, કલેશનાં મૂળ કપાવ્યાં. સોહન–૨
સદ્ગુરૂ વલ્લભ સૂરિના ચરણે, સોહન નામ ધરાવ્યાં;
જૈન સમાજની ઉન્નત્તિ કરવા, વિદ્યાનાં સ્થાન સ્થપાવ્યાં. સોહન–૩
કોમળ ચિત સદા મુનિ આપનું, અનુભવ તરૂ ઉપજાવ્યાં.
અંતર માંહી વસેલ અનાદિનાં, અજ્ઞાન સૈન્ય હરાવ્યાં. સોહન–૪
ધન્ય ધન્ય ધન્ય મુનીશ્વર આપને, હેતુ જનોને હસાવ્યાં;
જન્મ ધર્યો અવનિ તળ ઉપર, નરકનાં સૈન્ય નસાવ્યાં. સોહન–૫
સ્નેહનો અંજલી આપું નિરંતર, શમતા હર્મ્ય સૃજાવ્યાં;
અવળી નદી તણાં પાણી આનન્દે, અનુભવ બળથી ચડાવ્યાં. સોહન–૬
અજીતસૂરિ ઉચ્ચરે મુનિ આપે તો, ગાન અગુણ ગવરાવ્યાં;
આશિર્વાદ સદા શુભ આપને, સ્થાનક ઉર્ધ્વ વસાવ્યાં. સોહન–૭

ગઝલ—સોહિની.

સોહનવિજય મુનિરાજમાં, શોભન ગુણો વસતા હતા;
પંજાબની ભૂમિ વિષે, બોધાર્થ, સંચરતા હતા. સોહન–૧
કીધી જીવનની સફળતા, હતી પ્રેમ કેરી પ્રબળતા;
સત્સંગ કેરી સબળતા, ધીરજ પથે ઢળતા હતા. સોહન–૨
એઓ વિષે ઉત્તમ [illegible] સંપૂરણ હતી;
ને આત્મજ્ઞાન [illegible] પુષ્ટ [illegible] લસતી હતી. સોહન–૩
ઉપકાર પર પ્રાણી તણો, કરવા બદલ કટિ બાંધતા;
સાધુત્વની સુંદર સીમા, મહદાત્મજન મોંઘા હતા. સોહન–૪
નશ્વર જગતનો મોહ એ, મુનિરાજ માંહી ના હતો;
ભગવત ભજનમાં ભાવનો, વ્યામોહ એ માંહી હતો. સોહન–૫
સ્વર્ગે સીધાવ્યા એ મહદ, દઈ સ્નેહીને વિરહી દશા
સ્નેહી જનોના સ્નેહ શા! પ્રેમી જનોના પ્રેમ શા! સોહન–૬
સત્સંગ આપી વિશ્વમાં, વાણી વિમળ વર્ષાવતા;
સૂરિ અજીત સાગરના દિલે, આનંદ ઘન પ્રગટાવતા. સોહન–૭

લે૦ અજીતસાગરસૂરિ.

ॐ शांतिः ३

# ભક્તિનાં ઝાડનાં ફૂલ.

"મહાત્માઓ એમ કહે છે કે લૂખો પ્રેમ રાખવો અથવા શાસ્ત્રમાંથી સારાં વચનો મોઢે ગોખી રાખવાં એટલું જ કાંઈ બસ નથી; પણ સૌની ઉપર શુદ્ધ અંતઃકરણથી જ્યારે સાચો પ્રેમ આવે અને એ અંતરના પ્રેમને બહાર પાડવા માટે જ્યારે પરમાર્થનાં કામો થવા લાગે ત્યારે જાણવું કે હવે ભક્તિનાં ઝાડને ફૂલ આવવા લાગ્યાં છે. જ્યાંસુધી પોતાના ગજા પ્રમાણે પરમાર્થનાં કામો ન થાય ત્યાંસુધી ભક્તિનાં ઝાડને વાંઝીઉં સમજવું. યાદ રાખજો કે આ જગતમાં કોઈપણ માણસ કાંઈક પણ શક્તિ વિનાનો હોતો નથી. દરેક માણસ જો ધારે તો કાંઈક પણ ભલાઈ કરી શકે એવી તેનામાં શક્તિ હોય છે. પછી ગમે તો એ શક્તિ શરીરનાં બળની હોય, બુદ્ધિબળની હોય, વાણીના બળની હોય, ધનના બળની હોય, અધિકારના બળની હોય, કુળના બળની હોય, સદ્ગુણના બળની હોય, અને ગમે તો એ શક્તિ પોતાના લાગવગની, રૂપની, ઉંમરની કે પવિત્રતાની હોય; પણ કોઈપણ પ્રકારની શક્તિ દરેક માણસમાં હોય છે. એવી પોતાની શક્તિનો પરમાર્થમાં ઉપયોગ કરવો અને તે પણ કાંઈ કોઈક વખત નહિ અથવા અકસ્માતથી નહિ પણ સમજણપૂર્વક અને ઈરાદાપૂર્વક વારંવાર પરમાર્થના કામમાં પોતાની શક્તિ વાપરી વાપરીને રાજી થવું તેનું નામ ભક્તિનાં ઝાડને ફૂલ આવ્યાં કહેવાય છે. મતલબ કે પ્રભુના જીવોને પોતાના બંધુઓ સમજી તેમના ભલા માટે શુદ્ધ અંતઃકરણના પ્રેમથી પ્રભુ પ્રીત્યર્થે તેઓની સેવા કરવી અને કાંઈપણ [illegible] નહિ તેનું નામ ભકિતનાં પુષ્પ છે. ટુંકામાં એજ કે જગતના કલ્યાણ માટે પોતાની શકિત પ્રમાણે પરમાર્થના કામો કરવાં તેનું નામ ભકિતનાં ફૂલ છે; માટે જો આપણાં ભકિતનાં ઝાડને ફૂલ લાવવાં હોય અને ભકિતનાં ઝાડનું વાંઝીઆપણું મટાડવું હોય તો આપણે આપણા બંધુઓના સુખ માટે પરમાર્થનાં કામો કરવાં જોઈએ; અને યાદ રાખજો કે એ કામ કરવાની કાંઈક પણ શક્તિ આપણામાં રહેલી જ છે; માટે એ શકિતનો ઉપયોગ કરવો જોઈએ તથા તેનો લાભ આપણી આસપાસનાં તથા બીજાં પ્રાણીઓને આપવો જોઇએ."

"સ્વર્ગનો પ્રકાશ" માંથી.